તા.: ૧૧-૦૧-૨૦૨૩ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોધ...

---------------------------------------------------------------------------------------------------

કા. સ. ઠ. નં.- ૨૦૮/ તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

..........................................................................................................................

<u>કામ નં.-૧.</u>

<u>વિષય</u> :-નગરપાલિકા હસ્તક ચાલતી ઈનોવા ગાડી રજી.નં.GJ -15-G-1162 માં જરૂરી સર્વિસ કામગીરી,રાઠોડ કાર પ્રા.લી.બલીઠા,વાપી પાસે કરાવેલ જેના આવક નં.૨૫૭૬/ તા.:૮/૮/૨૨ થી આવેલ બીલ રૂ.૧૨,૩૩૦/-મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા હસ્તક ચાલતી ઈનોવા ગાડી રજી.નં. GJ-15-G-1162 વારંવાર સરકારી કામે સુરત, ગાંધીનગર, અમદાવાદ, વિગેરે મીટીંગ માટે જવાનું હોય, સદરહું બાબતે ઈનોવા ગાડીમાં જરૂરી સર્વિસ કરાવવાની જરૂરિયાત હોય, સદરહું ગાડીમાં જરૂરી સર્વિસ કરાવવા માટે કંપની ડીલર્સ રાઠોડ કાર પ્રા.લી. બલીઠા, વાપી પાસે કરાવેલ.સદરહું કરાવેલ કામગીરીનું આવક નં.૨૫૭૬/ તા.:૮/૮/૨૨ થી આવેલ બીલ રૂ.૧૨,૩૩૦/-અંકે રૂપિયા બાર હજાર, ત્રણસો ત્રીસ પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૦૯/ તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.........................................................................................................................................

કામ નં.-૨ .

વિષય :- ચોમાસાની સીઝનમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ઔરંગા નદીમાં તા.:૧૧/૦૭/૨૦૨૨ અને તા.:૧૪/૦૭/૨૦૨૨ ના રોજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય જવાથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર તેમજ આશ્રય સ્થાનોમાં રોકાયેલ વ્યક્તિઓ તેમજ જુદી જુદી નગરપાલિકાઓની આવેલ ટીમો માટે જમવાની વ્યવસ્થા માટે ફૂડ પેકેટો, જય સ્વાદિષ્ટ, વલસાડમાંથી મંગાવેલ. જે અંગેનું બીલ રૂ.30,000/-મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચોમાસાની સીઝનમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ઔરંગા નદીમાં તા.:૧૧/૦૭/૨૦૨૨ અને તા.:૧૪/૦૭/૨૦૨૨ ના રોજ ભારે પૂર આવેલ હતા. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય જવાથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર તેમજ આશ્રય સ્થાનોમાં રોકાયેલ વ્યક્તિઓ તેમજ જુદી જુદી નગરપાલિકાઓની આવેલ ટીમો માટે જમવાની વ્યવસ્થા માટે ફૂડ પેકેટો, જય સ્વાદિષ્ટ, વલસાડમાંથી મંગાવેલ. જે અંગેનું બીલ રૂ.30,000/- અંકે રૂ. ત્રીસ હજાર પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૧૦ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

..............................................................................................................................

<u>કામ. નં.-૩.</u>

<u>વિષય :-</u> વલસાડ નગરપાલિકાની માલિકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર / વારસાઈરુએ નામફેર કરવાની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલિકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ નીચે જણાવેલ જુદી જુદી માર્કેટો, શોપીગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર / વારસાઈરુએ નામફેર કરવાની આવેલ અરજીઓ લાયસન્સ ફી વસુલાત શાખા તેમજ ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તથા શરતોને આધીન રહી નામ ટ્રાન્સફર / વારસાઈરુએ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં. | માર્કેટ / શોપીગ સેન્ટરનું નામ | દુકાન નંબર | નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડી.એન.શોપીંગ સેન્ટર. | ૩૨,૩૩, ૩૪. | શાહ નિકિતા અજયભાઈ | ટ્રાન્સફર |
| ૨ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | ૧૪-બ. | રાજેષભાઈ ઠાકોરભાઈ પટેલ | ટ્રાન્સફર |
| ૩ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | પ્રથમ માળ- ૩૪. | આસીફભાઇ કાસમભાઈ દાદાભાઈ | ટ્રાન્સફર |
| ૪ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | ૫૩, ૫૪ | અનિલ જવાહર ટીક્માણી | ટ્રાન્સફર |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | સરદાર વલ્લભભાઇ પટેલ માર્કેટ | ૯,૧૦, | પરેશ પ્રવિણચંદ્ર બિસ્કીટવાલા | ટ્રાન્સફર |
| ૬ | નવી વેજીટેબલ માર્કેટ. | ૧. | વિનોદ ધનજીભાઈ પ્રજાપતિ | ટ્રાન્સફર |
| ૭ | જૂની શાકભાજી માર્કેટ. | ૬. | હેમંતકુમાર રમણલાલ ઉર્ફે રમણભાઈ દેસાઈ. | વારસાઈ |
| ૮ | આંબેડકર શોપીંગ સેન્ટર. | G – 2. | ૧. દિલીપભાઇ રમણલાલ ઉર્ફે રમણભાઈ દેસાઈ.<br>૨. હેમંતકુમાર રમણલાલ ઉર્ફે રમણભાઈ દેસાઈ. | વારસાઈ |
| ૯ | મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટર. | ૧૮. | હરીશચંદ્ર ઉમેદલાલ કંસારા | સંમતી રૂએ |

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૧૧ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

...................................................................................................................

<u>કામ નં.-૪.</u>

<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકા ,વલસાડના જુદા જુદા શાખામાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓની ગ્રેજ્યુટી, પેન્શન, વિગેરે ચુકવવા અંગેનું આવેલ કામ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા , વલસાડના જુદા જુદા શાખામાં ફરજ બજાવતાં નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજ્યુટી, રૂપાંતરિત પેન્શન , વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. ન. | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તિ તારીખ | ગ્રેજ્યુટી રૂ. | રૂપાંતરિત પેન્શન રૂ. | પેન્શન રૂ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | દેસાઈ સંજીવ દિનકરરાય | સીધાવેરા | ૩૧-૦૩-૨૦૨૩ | ૮૨૫૧૭૪/- | ૩૫૨૯૮૮/- | ૮૭૮૫/-+ મળતા અન્ય ભથ્થા |
| ૨ | પટેલ જયેશ નારણભાઈ | ભાડા વસુલાત | ૩૦-૦૪-૨૦૨૩ | ૫૮૫૫૦૦/- | ૩૧૦૫૯૮/- | ૭૭૩૦/-+ મળતા અન્ય |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ભથ્થા |
| ૩ | રાવત શૈલેશભાઈ ઠાકોરભાઈ | સેનેટરી | ૩૧-૧૨-૨૦૨૨ | ૯૪૧૭૨૪/- | ૪૫૩૫૧૯/- | ૧૧૧૦૦/-+ મળતા અન્ય ભથ્થા |

**સ.મ.મંજુર..**

કા. સ. ઠ. નં.-૨૧૨/ તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

..........................................................................................................................

<u>કામ નં.-૫ .</u>

<u>વિષય</u> :- ભારત રત્ન મોરારજી દેસાઈ સ્ટેચ્યુ ઓપરેશન અને મેઈન્ટેનન્સના ધોરણે ચલાવવા આપવા બાબતની, પ્રમુખ, અનાવિલ પરિવાર-વલસાડની તા.:૩/૮/૨૦૨૨ ની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, પ્રમુખશ્રી, અનાવિલ પરિવાર, વલસાડનો તા.:૨૯-૦૭-૨૦૨૨ના પત્રમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમાં બેચર રોડ વિસ્તારમાં વલસાડ નગરપાલિકા હસ્તક ભારત રત્ન મોરારજી દેસાઈનું સ્ટેચ્યુ આવેલ છે. સદરહું સ્ટેચ્યુનું અનાવિલ પરિવાર, વલસાડ દવારા ઓપરેશન અને મેઈન્ટેનન્સ પોતાના સ્વખર્ચે કરવા જણાવેલ છે. તો સદરહું બાબતે ઇજનેરશ્રી, પ.વ.ડી. વલસાડ નગરપાલિકાના માર્ગદર્શન હેઠળ, અનાવિલ પરિવાર, વલસાડને હસ્તક ભારત રત્ન મોરારજી દેસાઈનું સ્ટેચ્યુનું ઓપરેશન અને મેઈન્ટેનન્સનાં ધોરણે ચલાવવા આપવા, અનાવિલ પરિવાર, વલસાડના સ્વખર્ચે કરવા અંગેની આવેલ અરજી મંજુર કરવાનું તથા સદરહું સ્થળે " સૌજન્ય તરીકે " અનાવિલ પરિવાર, વલસાડ "નું નામ મુકવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૧૩ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

..........................................................................................................................

<u>કામ નં.-૬.</u>

<u>વિષય</u> :- નાઈટ શેલ્ટર બનાવવાની જગ્યાનું સોઇલ ટેસ્ટીંગનું બીલ રૂા.૪૦ ,૨૫૩/- મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વલસાડ ખાતેના સરકારશ્રીની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ નવા નાઈટ શેલ્ટરનું આયોજન કરવાનું હોવાથી તેના માટે સદર જગ્યાની જમીનનું સોઇલ ટેસ્ટીંગ કરાવવાની જરૂરિયાત હોવાથી એન.કે.પી.સી.( નાનજી કાલાભાઈ પટેલ એન્ડ કુ.)પાસે તા.:૨૯/૦૫/૨૦૨૦ ના રોજ ટેસ્ટીંગ કરવામાં આવેલ છે. નાઈટ શેલ્ટરની કામગીરી એપ્રિલ-૨૦૨૨ માં પૂર્ણ થઈ ગયેલ છે.સદર કામગીરી અંગે એન.કે.પી.સી.નું નગરપાલિકા આવક નં.૫૬૮૨ તા.:૧૨/૦૧/૨૦૨૨ થી ઇન્વોઇસ GT20-1804 તા.:25/08/2020 થી રૂ.૪૦,૨૫૩/-અંકે રૂપિયા ચાલીસ હજાર, બસો ત્રેપન પુરાનું બીલ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૧૪ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.....................................................................................................................................**

**<u>કામ નં.-૭ .</u>**

**<u>વિષય</u> :- ના.સરકારશ્રીની વિવિધ યોજનાના વિકાસલક્ષી કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવા માટે, નાયબ માહિતી ખાતા, વલસાડ મારફતે જાહેરાત પ્રસિદ્ધિ ગુજરાત સમાચાર, અમદાવાદ આવૃત્તિમાં થયેલ. જે અંગેનું બીલ રૂા.૪૨ ,૩૩૬/- મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં નામદાર સરકારશ્રીની વિવિધ યોજનાના વિકાસલક્ષી કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવા માટે, નાયબ માહિતી ખાતા, વલસાડ મારફતે દૈનિક પેપરમાં " ગુજરાત સમાચાર" અમદાવાદ આવૃત્તિમાં તા.:૧૪-૦૯-૨૦૨૨ ના રોજ ટેન્ડર નોટીસ નં.-માહિતી/ વલસાડ/૩૭૯/૨૦૨૨ની જાહેરાત પ્રસિદ્ધિ થયેલ હોય, પ્રસિદ્ધિ કરવામાં આવેલ ટેન્ડર નોટીસનું બીલ અત્રેની કચેરી આવેલ છે. સદરહું આવેલ બીલની રકમ રૂા.૪૨ ,૩૩૬/-પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા. સ. ઠ. નં.-૨૧૫ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

..............................................................................................................................

<u>કામ નં.-૮.</u>

<u>વિષય</u> :- ના.સરકારશ્રીની વિવિધ યોજનાના વિકાસલક્ષી કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવા માટે, નાયબ માહિતી ખાતા, વલસાડ મારફતે જાહેરાત પ્રસિદ્ધિ " દિવ્ય ભાસ્કર " અમદાવાદ તેમજ સુરત આવૃત્તિમાં થયેલ. જે અંગેનું બીલ રૂા.૨૪ ,૬૮૧/- મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં નામદાર સરકારશ્રીની વિવિધ યોજનાના વિકાસલક્ષી કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવા માટે, નાયબ માહિતી ખાતા, વલસાડ મારફતે દૈનિક પેપરમાં " દિવ્ય ભાસ્કર " અમદાવાદ તેમજ સુરત આવૃત્તિમાં તા.:૧૯-૦૮-૨૦૨૨ ના રોજ ટેન્ડર નોટીસ નં.-માહિતી/ વલસાડ/૩૧૮/૨૦૨૨ની જાહેરાત પ્રસિદ્ધિ થયેલ હોય, પ્રસિદ્ધિ કરવામાં આવેલ ટેન્ડર નોટીસનું બીલ અત્રેની કચેરી આવેલ છે. સદરહું આવેલ બીલની રકમ રૂા.૨૪ ,૬૮૧/-પુરા અંકે રૂપિયા ચોવીસ હજાર, છસો એક્યાંશી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.- ૨૧૬ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

................................................................................................................................................

**<u>કામ નં.-૯.</u>**

**<u>વિષય</u> :- અમૃત યોજના - ક્રિષ્ના કન્સ્ટ્રકશન કંપનીની મુદ્દત વધારાનું કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,** નામદાર સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં Providing, Laying, Jointing, Testing of Rising mains from Abhrama Headwork to Kalyanbaug Sump and from Kalyanbaug Sump to ESR at Tithal Road including connection pipeline from Tithal Road ESR to existing network. Designing, Constructing, Testing &Commissioning of Elevated Service Reservoir (ESR). Design, Supply, Installation, Testing and Commissioning of Instrumentation & SCADA system for all the head works and House Service Connections for Valsad including all allied works complete and post compietion operation & maintenance for five years બનાવવાના કામે ઠેકેદારશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રક્શન કંપની, ઈ/૩૭ અને ૨૯, નગરપાલિકા શોપિંગ સેન્ટર, ધોબીઘાટ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂ.૧૬ ,૭૨,૧૦,૮૦૦/- કરતાં ૯.૯૫% ઉચા ભાવથી ટેન્ડર આવેલ છે , જે અન્વયે તા.૦૮-૦૩-૨૦૧૯ ની GUDM, ગાંધીનગરની ૧૭ મી સ્ક્રૂટીની તેમજ ૨૫ મી SLTC ની મીટીંગમાં ટેન્ડરશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રક્શન કંપની , મહેસાણા સાથે જરૂરી નેગોશીએશન કરતાં એસ્ટીમેન્ટની રકમ કરતાં ૪.૯૫ % ઉચા ભાવથી કામગીરી કરવા GUDM, ગાંધીનગર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જેથી ઠેકેદારશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રક્શન કંપની , ઈ/૩૭ અને ૨૯ , નગરપાલિકા શોપિંગ સેન્ટર , ધોબીઘાટ , મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂ. ૧૬,૭૨,૧૦,૮૦૦/- કરતાં ૪. ૯૫% ઉચા ભાવથી રૂ. ૧૭ ,૫૪,૮૭,૭૩૫/- ટેન્ડર કા.સ.ઠ.નં -૩૬૮/તા.૦૮-૦૩-૨૦૧૯ થી મંજૂર કરવામાં આવેલ છે.

વધુમાં ટેન્ડરશ્રી ની તા.૨૨/૧૦/૨૦૨૨ ની અરજીમાં જણાવ્યા મુજબ રેલ્વે ક્રોસિંગ, નેશનલ હાઈવે હસ્તકના રોડ પરની મંજૂરી અને માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), વલસાડ હસ્તકના રોડ પર પાઈપલાઈનની કામગીરી બાકી હોવાથી તેમજ

ગુજરાત શહેરી વિકાસ મિશન , ગાંધીનગર ના પત્રક્રમાંકઃ G. U. D. M. / GUDM / AMRUT / 7th E&E/828, તા.૨૪./03 /૨૦૨૨ થી મંજૂર કરેલ વધારાની કામગીરી બાકી હોય, જેથી ટેન્ડરશ્રીની સમય મર્યાદા તા.૦૮-૦૯-૨૦૨૧ ના રોજ પૂર્ણ થવાની હોય, ઠેકેદારશ્રી ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ ઉપયુક્ત બાબતે ધ્યાને લઈ તા.3૧-03-૨૦23 સુધી મુદત વધારાની માગણી કરેલ છે, ટેન્ડરશ્રીને તેમજ અમૃત ૧.૦ મિશનની સમયમર્યાદા તા.3૧/03/૨૦23ના રોજ પૂર્ણ થતી હોય , તે મુજબ તા.3૧/03/૨૦23 સુધી મુદતમાં વધારો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૧૭ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**……………………………………………………………………………………………………………**

**<u>કામ નં.-૧૦ .</u>**

**<u>વિષય</u> :- ૧૫મું નાણાંપંચ-૨૦૨૦-૨૧ એજન્સી જે. એમ. શાહની મુદ્દત વધારાનું કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યુ કે** નામદાર સરકારશ્રીની ૧૫મું નાણાપંચની યોજના (૨૦૨૦-૨૧) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં ડામર રોડ બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી બીજા પ્રયત્ને ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી. નં-૫૧૩૬૫૨) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન ફક્ત કુલ-૦૧ ટેન્ડર આવેલ છે. સદરહુ કામ અન્વયે બીજા પ્રયત્ને ટેન્ડર હોવાથી આવેલ એકજ ટેન્ડર ડૉક્યુમેન્ટ તા.૧૧-૦૪-૨૦૨૨ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહુ ટેન્ડરના આવેલ ડૉક્યુમેન્ટ ક ન્સલટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલટન્ટ, આણંદ દ્વારા ચકાસણી કરતાં ક્વોલીફાઇડ થયેલ હોય, જેથી સદરહુ આવેલ ટેન્ડરર નું ઓનલાઈન ટેન્ડર બીડ તા.૧૨-૦૪-૨૦૨૨ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરમાં જોતાં ટેન્ડરશ્રી મે.જે.એમ.શાહ, મરોલીનું ટેન્ડર એસ્ટીમેઈટ ની રકમ રૂા.૮૦ ,૯૫,૪૦૦/- થી ૧૫.૨૧% ઉચા ભાવથી આવેલ રકમ રૂા.૯૩,૨૬,૭૧૦.૩૪/- પુરાનું ટેન્ડર આવેલ છે.

ઉપરોક્ત ટેન્ડરમાં આવેલ ભાવો ટેન્ડર એસ્ટીમેઈટ કરતાં ખુબજ ઉચા આવેલ હોય, જેથી સદરહુ આવેલ ભાવ અન્વયે નગરપાલિકાના કન્સલટન્ટ પાસેથી જરૂરી ભાવોની ખરાઈ કરાવવા માટે જરૂરી પત્ર વ્યવહાર કરવામાં આવતા કન્સલટન્ટ દ્વારા તા.૧૬-૦૪-૨૦૨૨ થી જરૂરી લેખિત અભિપ્રાય આપવામાં આવેલ છે. સદરહું અભિપ્રાય જણાવેલ છે કે પ્રવર્તમાન ભાવો પ્રમાણે રિવાઈઝડ થયેલ અંદાજિત રકમ

રૂ।.૮૨,૭૩,૩૦૦/-  થાય છે. જે જોતાં પ્રથમ લોએસ્ટ ઈજારદાર દ્વારા ભરવામાં આવેલ રકમ રૂ ।.૯૩,૨૬,૭૧૦.૩૪/-રિવાઈઝ અંદાજિત રકમ રૂ ।.૮૨,૭૩,૩૦૦/- કરતાં ૧૨.૭૩% ઉંચા થાય છે. જેથી ટેન્ડરમાં ભરવામાં ભાવોની ઈજાદાર પાસેથી બજારભાવની રેઇટ એનાલીસીસ મંગાવવું જરૂરી છે. તેમજ ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નીર્માણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સંજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ,તા.૧૮-૦૭-૨૦૧૩ ના મુદ્દા નં-૯ પ્રમાણે SOR કરતાં 10% સુધીના ઉંચા ભાવ આવે ત્યાં સુધી નગરપાલિકા દ્વારા મંજૂર કરી શકાશે. અને 10% કરતાં વધુ હશે તો ઉંચા ભાવોના વ્યાજબીપણા અંગેના ભાવો જિલ્લા કક્ષાની કમિટિ નક્કી કરવાના થાય છે. તેમજ ઈજાદાર સાથે નેગોશીએશન કરવા માટે નગરપાલિકા દ્વારા તા.૨૫-૦૪-૨૦૨૨ ના રોજ થી નેગોશીએશન માટે બોલાવવામાં આવતા સદરહુ ઈજાદાર મે.જે.એમ.શાહ, મરોલી દ્વારા તા.૨૮-૦૪-૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ લેખિત સંમતિમાં જણાવ્યા મુજબ સદરહુ એજન્સી દ્વારા ટેન્ડરમાં દર્શાવેલ ભાવો ૧૫.૨૧% માં ૨.૪૫% ઘટાડો કરી એટલે કે ૧૨.૭૬% ઉંચા ભાવોથી કામગીરી કરવાની લેખિત સંમતિ આપવામાં આવેલ છે. જેથી સદરહુ એજન્સીના આવેલ ભાવ અન્વયે જરૂરી પ્રાદેશિક કામિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરત ખાતે પત્રજાવક નં-૪૧૭/તા.૦૫-૦૫-૨૦૨૨ થી પત્રવ્યવહાર કરવામાં આવેલ. જે અન્વયે પ્રાદેશિક કામિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરત ખાતે પ્રાદેશિક કમિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરતના દ્વારા એજન્સીશ્રી મે.જે.એમ.શાહ, મરોલીને ટેન્ડર અન્વયે જરૂરી નેગોશીએશન માટે તા.૦૩-૦૬-૨૦૨૨ થી પત્ર લખી તા.૧૩-૦૬-૨૦૨૨ ના રોજ બોલાવવામાં આવેલ છે. જે અન્વયે પ્રાદેશિક કમિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરતના પત્રક્રમાંક : જાન/તાં.શા./વલસાડ/ટેન્ડર મંજૂરી/૨૦૨૨/જા.નં.૬૩૪૧ થી ૬૩૪૩/તા.૧૫-૦૬-૨૦૨૨ થી પત્રમાં જણાવ્યા મુજબ એજન્સી દ્વારા અંદાજિત રકમના ૧૨% ઉંચા

ભાવથી એટલે કે ટેન્ડર એસ્ટીમેઈટ રકમ રૂા.૮૦ ,૯૫,૪૦૦/- થી ૧૨.૦૦% ઉંચા ભાવથી આવેલ રકમ રૂ ા.૯૦,૬૬,૮૪૮/- પુરાથી ટેન્ડર પ્રવર્તમાન બજાર ભાવોને ધ્યાનમાં રાખીને મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતે એજન્સીશ્રી મે. જે.એમ.શાહ, મરોલીનું ટેન્ડર એસ્ટીમેઈટ રકમ રૂા.૮૦,૯૫,૪૦૦/-થી ૧૨.૦૦% ઉંચા ભાવથી આવેલ રકમ રૂ ા.૯૦,૬૬,૮૪૮/- પુરાથી ઉપરોક્ત કામનું ટેન્ડર મંજુર કરી તા.૦૨-૦૯-૨૦૨૨ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

વિશેષમાં સદરહુ એજન્સીએ દ્વારા તા.૨૯-૧૧-૨૦૦૨૨ થી અત્રેની કચેરીએ પત્ર રજૂ કરેલ છે.જેમાં સદરહુ કામની મુદ્દતમાં ૦૩ માસનો મુદતનો વધારો કરવા અંગેની માંગણી કરેલ છે. અને હાલ ચોમાસાની સીઝન સપ્ટેમ્બર માસ સુધી ચાલુ હોય અને તેના કારણે ડામરનો પ્લાન્ટ ચાલુ થઈ શકે એમ નથી જેથી કામગીરી શરૂ થઈ શકેલ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજૂર થયેલ કામની મુદ્દત ૦૨-૧૨-૨૦૨૨ ના રોજ પુર્ણ થાય છે. તો સદરહુ કામે ઉપરોક્ત પત્રમાં જણાવ્યા પ્રમાણેના કારણો મુજબ કામગીરી મુદ્દતમાં વધારો કરી આપવાની જરૂરીયાત જણાતી હોય, જેથી સદરહુ એજન્સીને તા.૦૨-૦૩-૨૦૨૩ સુધીનો મુદ્દત વધારો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.- ૨૧૮ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.................................................................................................................................**

**<u>કામ નં.-૧૧ .</u>**

**<u>વિષય</u> :- SJMMSVY-૨૦૨૦-૨૧, એજન્સી જે.એમ.શાહની મુદ્દત વધારાનું કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યુ કે** નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-88-2020-21 હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ ડામર રોડ બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી બીજા પ્રયત્ને ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ. ડી.નં.-૫૧૩૮૨૫) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન ફક્ત એકજ ટેન્ડર આવેલ છે. સદરહુ કામ અન્વયે આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ તા.૧૧-૦૪-૨૦૨૨ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહુ ટેન્ડરના આવેલ ડોક્યુમેન્ટ કન્સલટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલટન્ટ , આણંદ દ્વારા ચકાસણી કરતાં ક્વોલીફાઈડ થયેલ હોય, જેથી સદરહુ આવેલ ટેન્ડરનું ઓનલાઈન ટેન્ડર બીડ તા.૧૨-૦૪-૨૦૨૨ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરમાં જોતાં ટેન્ડરશ્રી મે. જે.એમ.શાહ, મરોલી બજાર , મરોલીનું ટેન્ડર એસ્ટીમેઈટ ની રકમ રૂ ।.૩૦,૧૭,૨૦૦/- થી ૧૫.૨૧% ઉંચા ભાવથી આવેલ રકમ રૂ।.૩૪,૭૬,૧૧૬.૧૨/- પુરાનું ટેન્ડર આવેલ છે.

ઉપરોક્ત ટેન્ડરમાં આવેલ ભાવો ટેન્ડર એસ્ટીમેઈટ કરતાં ખુબજ ઉચા આવેલ હોય, જેથી સદરહુ આવેલ ભાવ અન્વયે નગરપાલિકા કન્સલટન્ટ પાસેથી જરૂરી ભાવોની ખરાઈ કરાવવા માટે જરૂરી પત્ર વ્યવહાર કરવામાં આવતા કન્સલટન્ટ દ્વારા તા.૧૬-૦૪-૨૦૨૨ થી લેખિત અભિપ્રાય આપવામાં આવેલ છે. સદરહુ અભિપ્રાયમાં જણાવેલ છે કે પ્રવર્તમાન ભાવો પ્રમાણે રિવાઈઝડ થયેલ અંદાજિત રકમ રૂ।.૩૬,૫૦,૪૦૦/- થાય છે. જે જોતાં ઈજાદાર દ્વારા ભરવામાં આવેલ રકમ

રૂા.૩૬,૫૦,૪૦૦/- રિવાઈઝડ અંદાજિત રકમ રૂા.૩૪,૭૬,૧૧૬.૧૨/- કરતાં ૫.૦૧% નીચા થાય છે. જેથી ટેન્ડરમાં ભરવામાં ભાવોની ઈજાદાર પાસેથી બજારભાવની રેઇટ એનાલીસીસ મંગાવવું જરૂરી છે. તેમજ ના.સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નીર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : સંજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ,તા.૨૪-૦૫-૨૦૧૩ ના મુદ્દા નં-૯ પ્રમાણે SOR કરતાં 10%સુધીના ઉંચા ભાવ આવે ત્યાં સુધી નગરપાલિકા દ્વારા મંજૂર કરી શકાશે. અને 10% કરતાં વધુ હશે તો ઉંચા ભાવોના વ્યાજબીપણા અંગેના ભાવો જિલ્લા કક્ષાની કમિટિ નક્કી કરશે. જેથી ઈજાદાર સાથે નેગોશીએશન કરવા માટે નગરપાલિકા દ્વારા તા.૨૫-૦૪-૨૦૨૨ ના રોજ થી નેગોશીએશન માટે બોલાવવામાં આવતા સદરહુ ઈજાદાર મે.જે.એમ.શાહ , મરોલી દ્વારા તા.૨૮-૦૪-૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ લેખિત સંમતિ માં જણાવ્યા મુજબ સદરહુ એજન્સી દ્વારા ભરવામાં આવેલ ભાવોમાં ઘટાડો કરી શકાય તેમ નથી. અને ટેન્ડરમાં દર્શાવેલ ભાવો મંજૂર કરવા જણાવેલ છે.જેથી સદરહુ એજન્સીના આવેલ ભાવ અન્વયે જરૂરી પ્રાદેશિક કમિશ્નરશ્રી , સાઉથ ઝોન, સુરત ખાતે પત્રજાવક નં-૪૧૮/તા.૦૫-૦૫-૨૦૨૨ થી પત્રવ્યવહાર કરવામાં આવેલ. જે અન્વયે પ્રાદેશિક કમિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરત ખાતે પ્રાદેશિક કમિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરતના પત્રક્રમાંક: પ્રાકન/તાંત્રિક મંજૂરી/વશી/૨૦૨૨/જા. નં.-૫૮૯૮/થી ૫૯૧૨/તા.૦૩-૦૬-૨૦૨૨ થી પત્રમાં જણાવ્યા મુજબ પ્રાદેશિક કમિશ્નર શ્રી, સાઉથ ઝોન, સુરત ખાતે તા.૨૭-૦૫-૨૦૨૨ ના રોજ તાંત્રિક સમિતિ દ્વારા (સમિતિ કામ નં-૧૩) ઉપરોક્ત કામે ટેન્ડર એસ્ટીમેઈટના ૧૫.૨૧% ઉંચા ભાવથી કામગીરી કરાવવા માટે ટેન્ડર મંજૂર કરવા માટે સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ છે. તેમજ પ્રાદેશિક કમિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરત ખાતે પ્રાદેશિક કમિશ્નર શ્રી, સાઉથ ઝોન,

સુરતના પત્રક્રમાંક:જા.નં./તાં.શા./વલસાડ/ટેન્ડર મંજૂરી/ /૨૦૨૨/જા. નં.-૬૨૮૮ થી ૬૨૯૦/તાં.૧૪-૦૬-૨૦૨૨ થી જાણ કરેલ છે.

ઉપરોક્ત બાબતે પ્રાદેશિક કમિશ્નરશ્રી, સાઉથ ઝોન, સુરત ખાતે તાં.૨૭-૦૫-૨૦૨૨ ના રોજ તાંત્રિક સમિતિમાં મંજુર થયા મુજબ ટેન્ડરશ્રી મે.જે.એમ.શાહ, મરોલી બજાર, મરોલીનું ટેન્ડર એસ્ટીમેઈટ ની રકમ રૂ ।.૩૦,૧૭,૨૦૦/- થી ૧૫.૨૧% ઉચા ભાવથી આવેલ રકમ રૂ।.૩૪,૭૬,૧૧૬/- પુરાનું ટેન્ડર મંજુર કરી તાં.૦૨-૦૯-૨૦૨૨ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

વિશેષમાં સદરહુ એજન્સીએ દ્વારા તાં.૨૯-૧૧-૨૦૨૨ થી અત્રેની કચેરીએ પત્ર રજૂ કરેલ છે. જેમાં સદરહુ કામની મુદ્દતમાં ૦૩ માસનો મુદતનો વધારો કરવા અંગેની માંગણી કરેલ છે . અને હાલે ચોમાસાની સીઝન સપ્ટેમ્બર માસ સુધી ચાલુ હોય અને તેના કારણે ડામરનો પ્લાન્ટ ચાલુ થઈ શકે એમ નથી. જેથી કામગીરી શરૂ થઈ શકેલ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજુર થયેલ કામની મુદ્દત ૦૨-૧૨-૨૦૨૨ ના રોજ પુર્ણ થાય છે. તો સદરહુ કામે ઉપરોક્ત પત્રમાં જણાવ્યા પ્રમાણેના કારણો મુજબ કામગીરીની મુદ્દતમાં વધારો કરી આપવાની જરૂરીયાત હોય, જેથી સદરહુ એજન્સીને તાં.૦૨-૦૩-૨૦૨૩ સુધીનો મુદ્દત વધારો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.- ૨૧૯ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..........................................................................................................................................**

**<u>કામ નં.-૧૨.</u>**

**<u>વિષય</u> :- જીલ્લા આયોજન મંડળ - MLA – ગ્રાન્ટ - ૨૦૨૨-૨૩, એજન્સી જીજ્ઞેશ કે. રાઠોડની મુદ્દત વધારાનું કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,** નામદાર સરકારશ્રીની જિલ્લા આયોજન મંડળ હેઠળ માન.ધારાસભ્યશ્રી ગ્રાન્ટ (૨૦૨૨-૨૩) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ પેવરબ્લોક બેસાડવાના કામે જિલ્લા આયોજન કચેરી,વલસાડના પત્રક્રમાંક : અજન/સૈ.મં./ધારાસભ્ય ફંડ/૬૩૮/૨૦૨૨-૨૩/તા.૧૭-૦૬-૨૦૨૨ થી ૧૮ કામોની સૈધ્ધાંતિક મંજુરી મળેલ. સદરહુ મળેલ સૈધ્ધાંતિક મંજુરી મુજબ જિલ્લા આયોજન કચેરી ,વલસાડના પત્રક્રમાંક : અજન/વ.મં./ધારાસભ્ય ફંડ/૭૧૯/૨૦૨૨-૨૩/તા.૦૧-૦૯-૨૦૨૨થી જરૂરી વહીવટી મંજુરી મળેલ. સદરહુ મળેલ વહીવટી મંજુરીના કામો કરવા માટે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૫૫૦૦૫૭) કરવામાં આવતા ટેન્ડરરશ્રી જીજ્ઞેશ કે.રાઠોડ, સેલવાસનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂ ા.૪૧,૮૬,૯૦૦/-થી ૨૯.૦૦% નીચા ભાવથી આવેલ રકમ રૂા.૨૯,૭૨,૬૯૯/- પુરાનું ટેન્ડર આવેલ છે. અને જે ટેન્ડર કા.સ.ઠ.નં-૧૪૮/તા.૧૪-૧૦-૨૦૨૨થી મંજુર કરવામાં આવેલ , અને મંજુર થયા મુજબ કુલ-૧૮ કામો ૦૪(ચાર) માસની મુદ્દતમાં એટલે કે તા.૧૮-૦૨-૨૦૨૩ સુધી પુર્ણ કરવા માટે તા.૧૯-૧૦-૨૦૨૨ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ.

વધુમાં , તા.૧૬-૧૨-૨૦૨૨ ના રોજના એજન્સીના પત્રમાં જણાવ્યા મુજબ નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડર બાદ દિવાળીના તહેવારો નજીકમાં હોય, તેમજ વર્કઓર્ડરમાં જણાવ્યા મુજબ કુલ-૦૧ કામ માં પાઇપ લાઇનનું કામ

બાકી હોય , જે કામ હાલે થઈ શકે એમ નથી. જેથી નગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં ૦૧(એક) માસની મુદ્દત વધારો કરવાની માંગણી કરવામાં આવેલ છે. જેથી એજન્સીની આવેલ અરજી અન્વયે મુદ્દત વધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૨૦ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**...................................................................................................................................**

**<u>કામ નં.-૧૩.</u>**

**<u>વિષય</u> :- વ.ન.પા. હદમાં જુદા જુદા વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે, ટેન્ડરર શ્રી શાંતિલાલ કે. બારિયાની કામગીરીની મુદ્દત વધારાનું કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,** નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-78-2015-16 હેઠળ, વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ(ટેન્ડર આઈ.ડી.નં-૫૦૬૯૩૯) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ-૦૨ ટેન્ડરો આવેલ છે. સદરહુ આવેલ કામના ટેન્ડર ડોકયુમેન્ટ તા.૦૫-૦૩-૨૦૨૨ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહુ ટેન્ડરરોના આવેલ ડોકયુમેન્ટ કન્સ્લટન્ટશ્રી ક્રિષ્ણા કન્સ્લટન્ટ , આણંદ દ્વારા ચકાસણી કરતાં ક્વોલીફાઇડ થતાં ઓનલાઈન ટેન્ડર તા.૦૭-૦૩-૨૦૨૨ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ટેન્ડરરશ્રી શાંતિલાલ કે. બારીયા , વલસાડનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા.૪૦,૯૮,૨૦૦/- પુરાની સદરહુ એજન્સી દ્વારા મુળ એસ્ટીમેન્ટની રકમ ટેન્ડરમાં દર્શાવેલ છે. જેથી કોઈ ઉચા કે નીચા ભાવો દર્શાવેલ નથી. તો સદરહુ કામે રૂા.૪૦,૯૮,૨૦૦/- થી ટેન્ડર કા.સ.ઠ.નં ૩૦૯/તા.૧૫-૦૩-૨૦૨૨થી મંજૂર કરવામાં આવેલ છે.

સદરહુ કામ ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ૦૩ માસની સમયમર્યાદામાં કરવાની થાય છે. તે મુજબ એજન્સી દ્વારા કામગીરી શરૂ કરેલ છે.અને એજન્સી દ્વારા તા.૧૦-૦૯-૨૦૨૨ના રોજના પત્રમાં જણાવ્યા મુજબ ચોમાસાની સિઝન ચાલુ હોય તેમજ મે માસમાં ક્વોરીની હડતાલ હોવાથી માલસમાન નહીં મળવાથી કામગીરી

થયેલ નથી. જેથી નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરી શકાય એમ નથી. જેથી કામગીરીની સમયમર્યાદાની  ચાર માસની મુદતનો વધારો (તા.૧૦-૦૧-૨૦૨૩ સુધી) કરવાની માંગણી અત્રેની કચેરીએ કરેલ છે. જેથી એજન્સીની આવેલ અરજી અન્વયે મુદ્દત વધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૨૧ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**....................................................................................................................................**

**<u>કામ નં.-૧૪ .</u>**

**<u>વિષય</u> :- નગરપાલિકા હદ વિસ્તારમાં રસ્તાઓને રીસ્ટોરેશન કરવાનો ચાર્જ નક્કી કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,** નામદાર સરકારશ્રીની ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન , ગાંધીનગરના પત્રક્રમાંક : GUDM/eNAGAR/EODB-SRAP/2020-21/40/2364/15/09/2022 ના પત્રમાં જણાવ્યા મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે ટેલીકોમ એજન્સીઓની મોબાઈલ ટાવર તેમજ અંડરગ્રાઉન્ડ કેબલ નાખવાની કામગીરી ગુજરાત સરકારશ્રીની Department of science and technology ના પોર્ટલ ઉપર ( www.row.gujarat.gov.in) ઓનલાઈન પરવાનગી મેળવવાની થાય છે. જેમાં સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જે તે પ્રકારના રસ્તાઓ જેવા કે ડામર રોડ, ટ્રીમીક્ષ રોડ, પેવરબ્લોક તેમજ WBM રોડ ને તોડીને કામગીરી કરવાની થતી હોય, સદરહુ કામગીરી કરતાં રોડને નુકશાન થાય તેવા સંજોગોમાં રોડને રીસ્ટોરેશન કરવા માટે નામદાર સરકારશ્રીની ગાઈડ લાઇન મુજબ નીચે જણાવ્યા મુજબના રસ્તાઓને રીસ્ટોરેશન કરવાનો ચાર્જ નગરપાલિકા દ્વારા નક્કી કરવાનો થાય છે. જે નીચે જણાવ્યા મુજબના રસ્તાઓનો ૦૧(એક) કિલોમીટરનો (૧૦૦૦ મીટર) સૂચિત ભાવો, એજન્સીઓ માટે રાખવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | રોડનો પ્રકાર | સૂચિત ભાવ | SOR/પ્રવર્તમાન ભાવ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | WBM રોડ | ૫,૩૪,૨૪૧/- | SOR-2021-22 | |
| ૨ | સી.સી.રોડ | ૪૫,૮૯,૫૪૧/- | SOR-2021-22 | |

| | | | | |
|---|---|---|---|---|
| 3 | પેવરબ્લોક રોડ | ૧૮,3૯,૯૦૦/- | SOR-2021-22/R.A. | |
| ૪ | ડામર રોડ | ૨૫,૫૯,૬૦૦/- | પ્રવર્તમાન ભાવ | કા.સ.ઠ.નં-૧૯૭/ ૨૦-૧૦-૨૦૨૨ |
| ૫ | કાચો રોડ | ૧૦,૦૦,૦૦૦/- | - | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ નં-નપલ/૪૫૧૨/3૪3૮-મ, તા.૦3-૧૦-૨૦૧૨ |

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૨૨ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.....................................................................................................................................**

**<u>કામ નં.-૧૫ .</u>**

**<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકા હસ્તક ઈનોવા કાર રજી.નં.જી.જે.૧૫-જી-૧૧૬૨ વાહન માટે ટ્યુબલેસ ટાયર નાંખવાના આવેલ ભાવો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,** વલસાડ નગરપાલિકા હસ્તક ઇનોવા કાર રજી. નં. GJ-૧૫-G-૧૧૬૨ અવાર-નવાર સુરત તેમજ ગાંધીનગર ખાતે સરકારી કામે લઈ જવામાં આવે છે. સદરહુ કારમાં હાલે ટાયરો જુનાં થતાં નવા ટાયરો નાંખવાની જરૂરિયાત હોય, સદરહુ કામે નવા ટ્યુબલેસ ટાયર નાંખવાના કામે ભાવો મંગાવતા કુલ-03 એજન્સીઓના ભાવો આવેલ છે. જે આવેલ ભાવો ખુલ્લાં કરતાં જેનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે એજન્સીશ્રી દિપક ટાયર્સ એન્ડ ઓઇલ સેન્ટર, બેચર રોડ , વલસાડના એક ટ્યુબલેસ ટાયર નંગ-૦૧,ના ભાવ રૂ.૭૯૦૦/- સૌથી ઓછા અને તમામ ટેક્ષ સહિતના હોય. સદર એજન્સી પાસે જરૂરિયાત મુજબ ટ્યુબલેસ ટાયર નંગ-૦૫, ખરીદ કરવાની જરૂરિયાત હોય, ઇનોવા કાર રજી. નં. GJ-૧૫-G-૧૧૬૨ માં ટ્યુબલેસ ટાયર નંગ-૦૫, ખરીદ કરવા માટે, એજન્સીશ્રી દિપક ટાયર્સ એન્ડ ઓઇલ સેન્ટર , બેચર રોડ , વલસાડના ભાવ મંજુર કરી, તેમની પાસે ટ્યુબલેસ ટાયર નંગ- ૦૫, ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.- ૨૨૩ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..........................................................................................................................................**

**<u>કામ નં.-૧૬.</u>**

**<u>વિષય</u> :- આર.એમ. સૃષ્ટી કો.ઓ.હા.સ.સો.,અબ્રામાના ખાનગી રસ્તા નગરપાલિકાને સુપ્રત કરવા અંગેના કામ બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,** વલસાડ નગરપાલિકા હદમાં આવેલ અબ્રામા પ્રમુખ ગ્રીન નજીકમાં આવેલ ખાનગી સોસાયટી નામે આર.એમ.સૃષ્ટીના કો.ઑ.હાઉસીંગ સર્વિસ સોસાયટીના લેટરપેડ ઉપર પ્રમુખ તેમજ મંત્રીની સંયુકત સહીથી વલસાડ નગરપાલિકાને તેઓની ખાનગી સોસાયટીના મુખ્ય રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા અંગેનો પત્ર તેમજ બિનખેતીનો લેટર તેમજ નક્શો અત્રેની કચેરીએ રજૂ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ જે તે ખાનગી સોસાયટીઓ દ્વારા સદરહુ સોસાયટીના મુખ્ય રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કર્યેથી નગરપાલિકા તરફથી જે તે પ્રકારની પાયાની સુવિધાઓ પૂરી પાડવા જણાવેલ છે. તો સદરહુ વિસ્તારની ખાનગી સોસાયટીઓના રસ્તા સુપ્રત કરવા બાબતે ધી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૧૪૮ હેઠળ મળેલ સત્તાની રૂએ સદર રસ્તા સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા બાબતે કોઈપણ ઈસમથી આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો કે વિરોધ હોય તેવા ઇસમો પાસેથી વાંધાસૂચનો (૦૧ માસ) મેળવવા અંગે જાહેર નોટીસ પ્રસિધ્ધ તારીખ ૧૪-૧૦-૨૦૨૨ (ગુજરાત સમાચાર) થયેલ છે.અને સદરહું જાહેર નોટિસની મુદત તા.૧૩-૧૧-૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે. જેમાં કોઈ સોસાયટીની કે કોઈ ઇસમોની વાંધા અરજી મુદતમાં આવેલ નથી.

અબ્રામા પ્રમુખ ગ્રીન નજીકમાં આવેલ ખાનગી સોસાયટી નામે આર.એમ.સૃષ્ટીના કો.ઑ.હાઉસીંગ સર્વિસ સોસાયટીઓના મુખ્યરોડ નગરપાલિકામાં

સુપ્રત કરવા માટે તેમજ સદરહુ રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા માટેના આવેલ કામે, કમિટીમાં ચર્ચા-વિચારણાને અંતે સદરહું કામ નામંજુર  કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૨૪ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.................................................................................................................................

<u>કામ નં.-૧૭ .</u>

<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકાનો સને-૨૦૨૨-૨૦૨૩નો તા.:૦૧-૦૪-૨૦૨૨ થી તા.:૩૧-૧૨-૨૦૨૨ સુધીનો નવમાસિક હિસાબ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને-૨૦૨૨-૨૦૨૩નો તા.:૦૧-૦૪-૨૦૨૨ થી તા.:૩૧-૧૨-૨૦૨૨ સુધીનો નવમાસિક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૨૫ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.........................................................................................................................

<u>કામ નં.-૧૮.</u>

<u>વિષય</u> :- પી.પી.પી.ધોરણે રોડ અને ડીવાયડર બ્યુટીફિકેશન અને વૃક્ષારોપણ બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ હાલરનાં વોર્ડ નંબર-૯,ધરમપુર રોડ,આર.પી.એફ.ગ્રાઉન્ડની બાજુમાંથી કોસ્ટલ હાઈવે ને જોડતાં લીંક રોડમાં હાલ ૩-૪ ફૂટના ડીવાયડર અને ફૂટપાથની કામગીરી ચાલી રહેલ હોય, ડીવાયડરનું બાંધકામ રસ્તાથી ૨.૫ ફૂટની ઉચાઈનું છે જેમાં માટી પૂરી વૃક્ષારોપણ તેમજ બાંધકામ ઉપર ૨-ફૂટની સ્ટીલની જાળી લગાવવામાં આવે તો સમગ્ર વિસ્તાર ખુબ જ સુંદર અને લીલોછમ દેખાઈ આવશે અને શહેરની સુંદરતામાં વધારો થશે. તેમજ જ જાળી લગાવવાથી વૃક્ષોને લોકો તથા પશુઓ દ્વારા થતાં નુકશાનથી બચાવી શકાય. અંદાજે આ કામનો ખર્ચ ૩,૫૦,૦૦૦/-થી ૪,૦૦,૦૦૦/- થશે. આ રસ્તો સિવીલ રોડ તેમજ કોસ્ટલ હાઇવે જવાનો મુખ્ય માર્ગ છે. તેમ છતાં તેના પર કોઈપણ જાતના દિશા નિર્દેશ બતાવતા બોર્ડ પણ લાગેલા નથી તે બોર્ડ લગાવવા એજન્સી ઈચ્છા ધરાવે છે. જે બોર્ડ લગાવવાથી જાહેર હિતને ફાયદો થશે. જેનો સંપૂર્ણ ખર્ચ સદરહું એજન્સી ઉઠાવવા તૈયાર છે. આમ વૃક્ષારોપણ કરવાથી તેમજ દિશાનિર્દેશનાં બોર્ડ લગાવવાથી શહેરની સુંદરતામાં વધારો થશે તેમજ ટ્રાફિકનું પણ નિયમન થશે. એજન્સી આ દિશાનિર્દેશનાં બોર્ડ તથા લગાવેલ જાળી ઉપર કંપનીની જાહેરાતનાં બોર્ડ લગાવવા ઇચ્છે છે જેના માટે જાહેરાતના બોર્ડ લગાવવાની ૫-વર્ષ માટેની પરવાનગી શિવમ ડેવલપર્સ, નનકવાડા, વલસાડે માંગણી કરેલ છે. સદરહું કામે એન્જિનિયર સાથે સ્થળ પર નિરીક્ષણ કરી, તેમજ કોઈપણ પ્રકારના ફેરફાર અથવા તો સૂચનો કરવા

અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહું એજન્સીને પરવાનગી આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં,તા.:૧૨/૪/૨૦૨૨ની અરજદારશ્રી દિનકરરાય જી.પટેલ, મિલેનિયમ, સેન્ટ્રલ પાર્ક, વલસાડની અરજી અંગે ઓરંગા નદી દશેરા ટેકરી સુધીનાં સ્ટેટ હાઇવે રોડની વચ્ચે ડીવાઈડરમાં એમના ખર્ચે પ્લાન્ટેશન તથા પ્રોટેક્શન જાળી લગાડવાના તથા એમનાં જાહેરાતનાં સ્ટ્રીટલાઈટનાં પોલ ઉપર મેઈન્ટેનન્સ કરવા અંગે નગરપાલિકાને દર વર્ષે રૂ.૧૧,000/- રકમ જમા કરવાની શરતે મંજુર કરવાનું તેમજ તા.:૬ /૮ /૨૦૨૨ નાં રોજની Opera Ventures Inc. અબ્રામા ધરમપુર રોડ થી રેલ્વે ઓવર બ્રીજથી ધરમપુર નેશનલ હાઇવે સુધીનાં સ્ટેટ હાઇવે ઉપર ડિવાઈડરની વચ્ચે એમના ખર્ચે પ્લાન્ટેશનનું કામ ફેબ્રીકેટેડ જાળી લગાડી ઓપરેશન મેઈન્ટેનન્સ સાથેનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ હયાત ફૂટપાથ-રોડની બંને બાજુના ફ્લાવર બેડ વિગેરેનું ઓપરેશન મેઈન્ટેનન્સ કરવાનું તથા તે અંગે નગરપાલિકાને દર વર્ષે રૂ.૧૧,000/-રકમ જમા કરવાની શરતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.- ૨૨૬ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.........................................................................................................................**

**<u>કામ નં.-૧૯ .</u>**

**<u>વિષય</u> :- પી. ડી. પટેલ, ઓવર બ્રીજ, વલસાડનું આરોગ્ય શાખા હસ્તકના ઢોર પકડવાનું પાંજરું રીપેરીંગ કરાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂ. ૧૭૬૬૦/- મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,** વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા મારફત શહેર વિસ્તારમાં રખડતાં / બિનવારસી ઢોરને પકડવા હાઇકોર્ટના આદેશ બાદ પકડવાની કાર્યવાહી ઝડપથી કરવા માટે વલસાડ નગરપાલિકાએ પગલાં લીધેલ જે માટે ઢોર પકડવાનું પાંજરું તૂટેલ હતું. જેને તાત્કાલિક રીપેરીંગ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થતાં આ કામે નગરપાલિકાના ઇજનેરશ્રી હિતેશભાઈ પી.પટેલ દ્વારા નગરપાલિકા વોર્ડ નંબર-૧૦ માં આવેલ રાજન નગર ઓવરબ્રીજ પાસેના વિસ્તારમાં આવેલ પી.ડી.પટેલ વર્કશોપમાં ઢોર પકડવાનું પાંજરું રીપેરીંગ કરાવેલ હતું. જે કામગીરી તેઓએ સંતોષકારક રીતે પૂર્ણ કરેલ અને તે અંગેનું બીલ અત્રેની કચેરી વ.આ.નં.૪૬૬૭/ તા:૧૭/૧૨/૨૦૨૨ ના રોજ બીલ નંબર-૨૦૦૫/તા:૧૫/૧૨/૨૦૨૨ થી રૂ ।.૧૭૬૬૦/-નું બીલ ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૨૭ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

..............................................................................................................................

<u>કામ નં.-૨૦ .</u>

<u>વિષય</u> :- સપ્તસુંગી લેબર સપ્લાયર, નામધા રોડ, વાપી પાસે, નગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ સફાઈ તેમજ ડ્રેનેજ મેઈન હોલ સફાઈ કામગીરીના આવેલ બીલો રૂ. ૬૩૦૧૨૦/-મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખા દ્વારા કારોબારી સમિતિ ઠરાવ નંબર:૯૨ /૦૬/૦૭/૨૦૧૮ થી મંજુર થયેલ ભાવો તથા સેનેટરી કમિટી ઠરાવ નંબર : ૫૧ /તા.:૧૧/૦૬/૨૦૧૯ થી ઠરાવ્યા મુજબ વલસાડ શહેરની ડ્રેનેજ સફાઈ તેમજ ડ્રેનેજ મેઈન હોલ ચેમ્બરોની સફાઈની કામગીરી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું સદરહું ભાવોથી સપ્તસુંગી લેબર સપ્લાયર, નામધા રોડ, વાપી દવારા કામગીરી હાથ ધરી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હતી.સદરહું કરાવેલ કામગીરીના આવેલ બીલ રૂ. ૬૩૦૧૨૦/- અંકે રૂ. છ લાખ,ત્રીસ હજાર, એકસો વીસ પુરા મંજુર કરવા અંગેના આવેલ કામે જરૂરી નિર્ણય થવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૨૮ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.........................................................................................................................

કામ નં.-૨૧ .

વિષય :- વલસાડ નગરપાલિકાના લેબર કોર્ટ, વલસાડમાં ચાલતા કેસ નં.૨૯/૨૦૧૩, ૨૧૮-કામદારોના કેસ અંગેની કાર્યવાહી પેનલના એડવોકેટશ્રીને સોપવામાં આવેલ. સદરહું પેનલના એડવોકેટશ્રીનું બીલ નં.૯૫/તા.:૧૬/૦૯/૨૦૨૨થી આવેલ બીલની રકમ રૂ.૩,૨૭,૦૦૦/-મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના લેબર કોર્ટ, વલસાડમાં ચાલતા કેસ નં.૨૯/૨૦૧૩, ૨૧૮-કામદારોના કેસ અંગેની કાર્યવાહી એડવોકેટશ્રી કૌશિકભાઈ કપ્તાનને સોપવામાં આવેલ અને સદરહું કેસ ડીસ્પોઝ થયેલ છે.જેની સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહીનું આવેલ બીલ વ.આ.નં.:૩૨૮૭/ તા.૧૯/૦૯/૨૦૨૨ થી બીલ નંબર:૯૫/તા.:૧૬/૦૯/૨૦૨૨ થી રૂ.૩,૨૭,૦૦૦/-અંકે રૂ.ત્રણ લાખ, સત્તાવીસ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૨૯ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

........................................................................................................................................

<u>કામ નં.-૨૨.</u>

<u>વિષય</u> :- ક્વેસ્ટ  કન્સલ્ટન્ટસી પ્રા. લિમી. વલસાડનું ઈન્ટરનેટ એક્સેસ રાખવા અંગેનું બીલ રૂ. ૬૦૦૦/-મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચીફ ઓફીસરશ્રીની કેબીનમાં મુકવામાં QUEST કનેક્શનમાં એક વર્ષના સમયગાળા માટે ઈન્ટરનેટ એક્સેસ રાખવા અંગે QUEST  CONSULTANCY Pvt. Ltd,Valsad નું બીલ નં.-Vls / 22-23 /721 /તા.:૧૪ /૦૭/૨૦૨૨ થી રૂ.૬૦૦૦/- અંકે રૂ.છ હજાર પુરાનું અત્રે આવેલ છે. જેનું બીલ બનાવી ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૩૦ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.................................................................................................................................

<u>કામ નં.-૨૩ .</u>

<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકાની વર્ષ-૨૦૨૩-૨૪ની વેબસાઈટ રીન્યુ કરવા બાબતનું હિન્દુસ સોફ્ટવેર, અમદાવાદનું બીલ રૂ.૩૩૯૮૦/- મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની વર્ષ-૨૦૨૨ ની વેબસાઈટની સમય મર્યાદા પૂર્ણ થવાની હોય. જે વર્ષ-૨૦૨૩ માં વેબસાઈટ રીન્યુ કરાવવી જરૂરી હોય, હિન્દુસ સોફ્ટવેર, અમદાવાદનું દ્વારા તેઓનું વેબસાઈટ રીન્યુ કરાવવા અંગેનું આવેલ બીલ તા.:૧૮/૧૧/૨૦૨૨ થી બીલ નં.: BS-11 થી રૂ.૩૩૯૮૦/-અંકે રૂપિયા તેત્રીસ હજાર, નવસો એસી પુરાનું આવેલ છે. સદરહું ખર્ચ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૩૧ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.......................................................................................................................................

<u>કામ નં.-૨૪.</u>

<u>વિષય </u>:- વલસાડ નગરપાલિકાના શ્રી અટલ બિહારી વાજપાઇ સભાખંડ તેમજ જુદી જુદી શાખાઓમાં મુકવામાં આવેલ A.C. સર્વિસ તેમજ રીપેરીંગ કામગીરી સાગર ડી.થોરાત,વલસાડ પાસે કરાવેલ.  જે બીલ નં.-૨૯ /તા.:૧૨/૭/૨૦૨૨ થી આવેલ બીલ રૂ. ૩૯.૪૦૦/- મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં  ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના શ્રી અટલ બિહારી વાજપાઈ સભાખંડ તેમજ જુદી જુદી શાખાઓમાં મુકવામાં આવેલ A.C.સર્વિસ તેમજ  રીપેર કરવાની જરૂરિયાત ઉપસ્થિત  થયેલ છે. જે વાર્ષિક મંજુર થયેલ ભાવોથી A.C.સર્વિસ તેમજ રીપેરીંગની કામગીરી, સાગર ડી. થોરાત, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જે અંગેનું બીલનં.-૨૯/તા.:૧૨/૭/૨૦૨૨થી આવેલ બીલ રૂ.૩૯,૪૦૦/-અંકે રૂપિયા ઓગણ ચાલીસ હજાર, ચારસો પુરા  ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૩૨ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.....................................................................................................................................**

**<u>કામ નં.-૨૫ .</u>**

**<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકાના વર્ગ-૪,ના કાયમી પટાવાળા શ્રી રમેશ એમ.પટેલ, વિગેરે ત્રણ પટાવાળાને દર બે વર્ષે ટેરીકોટન ખાખી ગણવેશ જોડી નંગ – ૨ (બે) આપવા બાબત..**

<u>ઠરાવ.:</u>

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે**, વલસાડ નગરપાલિકાના વર્ગ-૪ ના કાયમી પટાવાળા શ્રી રમેશ એમ.પટેલ , વિગેરે-૩ (ત્રણ) પટાવાળાઓની આવક નંબર-૪૨૭૧/ તા: ૨૧/૧૧/૨૦૨૨ ના રોજ અરજી આપી તેઓને મળવાપાત્ર દર બે વર્ષે ટેરીકોટન ખાખી ગણવેશ જોડી નંગ-૨ (બે) ની માંગણી કરેલ છે.

અરજદાર કાયમી પટાવાળા કર્મચારીઓને છેલ્લે સને-૨૦૨૦ માં આપવામાં આવેલ છે. જેથી ચાલુ વર્ષે તેઓને ટેરીકોટન ખાખી ગણવેશ આપવાપાત્ર થતાં હોય , આ સાથે સામેલ વલસાડ નગરપાલિકાના ઓફિસ સ્ટાફના કાયમી પટાવાળાઓની અરજીમાં જણાવ્યા મુજબના ત્રણ (૩)નામોવાળા કાયમી પટાવાળાઓને ચાલુ વર્ષે ટેરીકોટન ખાખી ગણવેશ જોડી નંગ-૨ (બે) આપવા અંગેના કા.સ.ઠ.નં.૦૩/તા.:૧૯/૦૪/૨૦૨૨થી મંજુર થયા મુજબ, ફાયર શાખામાં કાયમી ખલાસીને, સ્થાનિક બજારમાંથી, ખુશી ટેલર્સ, ડી.એન.શોપીંગ સેન્ટર,વલસાડ પાસેથી ખરીદી કરી આપવામાં આવેલ છે. તે મુજબ ૩(ત્રણ) કાયમી પટાવાળાઓને પણ ખુશી ટેલર્સ, ડી.એન.શોપીંગ સેન્ટર,વલસાડ પાસેથી ખાખી કુલ પેન્ટ , શર્ટ , કાપડ અને સિલાઈ સાથેની જોડી, રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં ખરીદી કરી, કાયમી પટાવાળાઓને ગણવેશ આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.- ૨૩૩ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.......................................................................................................................................**

**<u>કામ નં.-૨૬.</u>**

**<u>વિષય</u> :- આરોગ્ય શાખા હસ્તકના ઢોર પકડવાનું પાંજરૂં રીપેરીંગ કરાવવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..**

<u>ઠરાવ.:</u>

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે**, વલસાડ નગરપાલિકા આરોગ્ય શાખા દ્વારા નામદાર હાઇકોર્ટની સુચના મુજબ વલસાડ શહેરી વિસ્તારમાંથી ઢોરો પકડવાની કામગીરીમાં વપરાતું પાંજરૂં તૂટેલી હાલતમાં હોવાથી તેના રીપેરીંગ માટે સ્થાનિક બજારમાંથી ત્રણ ભાવો મંગાવેલ. જે પૈકી કુલ ત્રણ ભાવો (૧) ટેક ટીકો ઇક્વીપમેન્ટ સોલ્યુશન ના રૂા.૫૧૫૦૦/- (૨) ડાયમંડ કોર્પોરેશન ના રૂા. ૪૪ ,૭૫૦/- અને (૩) એટલાસ એંજીનીયરીંગ વર્કસના રૂા.૪૦૦૦૦/-ના ભાવો આવેલ હતા.

ઉપરોક્ત આવેલ ભાવો પૈકી, એકંદરે એટલાસ એંજીનીયરીંગ વર્કસ, વશીયર, વલસાડના રૂા.૪૦૦૦૦/-ના ભાવ સૌથી ઓછા આવેલ હોય. જે સૌથી ઓછા આવેલ ભાવ મંજુર કરી, તેમની પાસે પાંજરૂં રીપેરીંગ કરાવવાનું તેમજ રીપેરીંગ કર્યા બાદ, આવનાર બીલ ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.- ૨૩૪ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..............................................................................................................................**

**<u>કામ નં.-૨૭.</u>**

**<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મીટ માર્કેટના રીપેરીંગ કામ માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં શહીદ ચોક વિસ્તારમાં ચાલી આવેલ નગરપાલિકાની માલિકીની મીટ માર્કેટ ઘણા લાંબા સમયથી ચાલી આવેલ છે. સદરહું માર્કેટ ઘણીજ જૂની અને જર્જરિત હાલત થઇ ગયેલ હોય, સદરહું માર્કેટના રીપેરીંગ / રીનોવેશન કરવાના કામ માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરવા અંગેની જરૂરી સત્તા, ચીફ ઓફિસરશ્રી, ચેરમેનશ્રી, કારોબારી કમિટી, તથા પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા. સ. ઠ. નં.-૨૩૫ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

..................................................................................................................................

<u>કામ નં.-૨૮ .</u>

<u>વિષય</u> :- ફાયર વિભાગમાં ફરજ બજાવતાં કર્મચારીઓને વધારાની હાજરી ભરી આપવાનું કામ મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ફાયર વિભાગમાં કર્મચારીઓ ઘણાં લાંબા સમયથી હંગામી ધોરણે ફરજ બજાવતાં આવેલ છે. જેઓને નીચે મુજબ વધારાની હાજરી ભરી, મહેનતાણું આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) જે કર્મચારીઓએ ઓફ ના દિને ફરજ બજાવેલ હોય તો તેવા કર્મચારીઓને વધારાની હાજરી ભરી આપવી.

૨) આગ અકસ્માત સમયે / બંદોબસ્તમાં ફરજ બજાવવા ગયેલ હોય, તેવા સમયે ફરજ ઉપરાંત ચાર કલાકની ઉપર ફરજ બજાવેલ હોય તો અડધી હાજરી ભરી આપવાની રહેશે. ત્યારબાદના ચાર કલાકની ઉપર ફરજ બજાવેલ હોય તો પુરા દિવસની વધારાની હાજરી ભરી આપવી.

૩) ઓફીસ કામે બહારગામ જેમ કે, સુરત, અમદાવાદ, ગાંધીનગર, જવાનું થાય તેવા સમયે આખો દિવસ ફરજ બજાવેલ હોય ત્યારે એક દિવસની હાજરી ગણી પૂરો રોજ આપી, પુરા દિવસનો રોજ આપવાનો રહેશે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૩૬ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.......................................................................................................................

<u>કામ નં.-૨૯ .</u>

<u>વિષય</u> :- સપ્તસુંગી લેબર સપ્લાયર, નામધા રોડ, વાપી આવેલ બીલ રૂ.૬,૯૩,૮૮૦/- પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખા દ્વારા કારોબારી સમિતિ ઠરાવ નંબર:૯૨ /૦૬/૦૭/૨૦૧૮થી મંજુર થયેલ ભાવો તથા સેનેટરી કમિટી ઠરાવ નંબર : ૫૧ /તા.:૧૧/૦૬/૨૦૧૯ થી ઠરાવ્યા મુજબ વલસાડ શહેરની ડ્રેનેજ સફાઈ તેમજ ડ્રેનેજ મેઈન હોલ ચેમ્બરોની સફાઈની કામગીરી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું સદરહું ભાવોથી સપ્તસુંગી લેબર સપ્લાયર, નામધા રોડ, વાપી દવારા ડ્રેનેજ લાઈનોની સફાઈ કામગીરી હાથ ધરી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હતી. આ કામગીરી પૂર્ણ કર્યા બાદ સદરહું સપ્લાયર દવારા વલસાડ નગરપાલિકા આવક નં.૪૨૧૭/ તા.:09/૧૧/૨૦૨૧ થી બીલ રજુ કરવામાં આવેલ છે. સદરહું બીલ બનાવવા તેમજ સદરહું બીલની રકમ રૂ. ૬,૯૩,૮૮૦/- અંકે રૂ. છ લાખ, ત્રાણું હજાર, આઠસો એસી પુરા, મંજુર કરવા અંગેના આવેલ કામે,જરૂરી નિર્ણય થવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૩૭ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

......................................................................................................................................

<u>કામ નં.-૩૦.</u>

<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકાના શ્રી અટલ બિહારી વાજપાઇ સભાખંડ તેમજ જુદી જુદી શાખાઓમાં મુકવામાં આવેલ A.C. સર્વિસ તેમજ રીપેરીંગ કામગીરી સાગર ડી.થોરાત,વલસાડ પાસે કરાવેલ. બીલ નં.-૩૦ /તા.:૧૯/૭/૨૦૨૨ થી આવેલ બીલ રૂ.૨૧.૪૦૦/- મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના શ્રી અટલ બિહારી વાજપાઈ સભાખંડ તેમજ જુદી જુદી શાખાઓમાં મુકવામાં આવેલ A.C.સર્વિસ તેમજ રીપેર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જે વાર્ષિક મંજુર થયેલ ભાવોથી A.C.સર્વિસ તેમજ રીપેરીંગની કામગીરી, સાગર ડી. થોરાત, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જે અંગેનું બીલનં.-૩૦/તા.:૧૨/૭/૨૦૨૨થી આવેલ બીલ રૂ.૨૧,૪૦૦/-અંકે રૂ.એકવીસ હજાર,ચારસો પુરા ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૩૮ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.................................................................................................................................**

**વ.કા.નં.-.૧**

**વિષય :- આરોગ્ય શાખાના સફાઈ કામદારો/ વાલ્મિકી સફાઈ કામદારો વિગેરેને ડ્રેસ આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નામદાર ગુજરાત સરકારના પંચાયત વિભાગના ઠરાવ નંબર: જીએમએ/૪૪૭૫/૫૮૮૬/ક્યુ/ તા: ૨૭/૧૦ /૧૯૭૫ ની જોગવાઈ મુજબ દર બે વર્ષ આરોગ્ય શાખાના સફાઈ કામદારો , મુકાદમો, ડ્રાઈવરો, ક્લીનરો, મિકેનીકને જે તે વર્ષમાં ૩૦૦ દિવસોની હાજરી થઈ હોય તેઓને ડ્રેસ આપવાના થાય છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | હોદ્દો | સંખ્યા | મળવા પાત્ર જોડી નંગ |
|---|---|---|---|
| ૧ | મિકેનિક | - | - |
| ૨ | ટ્રેકટર ડ્રાઈવર | ૧ | ૨ |
| ૩ | મુકાદમ | ૧ | ૨ |
| ૪ | ક્લીનર | ૧ | ૨ |
| ૫ | ઝાડુવાળા સફાઈ કામદાર | ૧૬ | ૩૨ |
| ૬ | હરીજન (મરદ કામદાર) | ૧૭ | ૩૪ |
| ૭ | હરીજન ડ્રેનેજ | ૨ | ૪ |
| | કુલ.. | ૩૮ | ૭૬ |

ઉપરોક્ત આપવા પાત્ર ડ્રેસ (જોડી) માટે આરોગ્ય શાખાએ સને-૨૦૨૧-૨૨ ના વર્ષ માટે વાર્ષિક ભાવો સે.ક.ઠ.નં.૧૧૯/તા: ૧૯/૦૭/૨૦૨૧ થી ખાખી એસ.કુમાર કુલ પેન્ટ શર્ટ ગાંધી ટોપી સિલાઈ સાથે ઓફિસ બેઠા જોડી નંગ-૧ નો ભાવ રૂ ।. ૭૬૦/- ( ઝાડુવાળા કામદારો , ક્લીનરો, મુકાદમો, મિકેનિક) માટે (૨) એસ કુમાર મીલીટ્રી જીન્સકુલ પેન્ટ શર્ટ ગાંધી ટોપી સિલાઈ સાથે (વાલ્મિકી) પુરૂષ સફાઈ કામદારો માટે જોડી નંગ-૧ નો ભાવ રૂ ।.૭૬૦/- પુરા શ્રી મારૂ ટ્રેડર્સ , સુરતના મંજુર થયેલ હોય સદર મંજુર થયેલ ભાવે ઉપર જણાવેલ ડ્રેસો જરૂરિયાત મુજબની જોડી તેમની પાસે તૈયાર કરાવવા માટે જરૂરી નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

ઉપરોક્ત ખર્ચ બાબતે સને-૨૦૨૨ ના વર્ષના બજેટમાં બજેટ કોડ નંબર-બી-૨૯૧૦૬ થી રૂા.૨૦૦૦૦૦/-લાખની જોગવાઈ પણ કરવામાં આવેલ છે.

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.-૨૩૯ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..........................................................................................................................................**

**<u>વ.કા.નં.-.૨</u>**

**<u>વિષય</u> :- ભાડેથી જે.સી.બી. મશીન રાખવામાં આવેલ જે અંગે રાધે ક્રિશ્ના ટ્રાન્સપોર્ટ , વલસાડનું આવેલ બીલ રકમ રૂ.૧ ,૧૮,૮૦૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકાના આરોગ્ય શાખા મારફત નગરપાલિકાની ડંપિંગ સાઇટ ઉપર ઘન કચરા લેવલીંગ કામે જે.સી.બી. ભાડાથી કા.સ.ઠ.નં.: ૧૧૯/ તા: ૨૨/૦૭/૨૦૨૧ થી વર્ક ઓર્ડર આપેલ જે મુજબ સદર એજન્સીએ તા: ૧૩/૦૮/૨૦૨૧ થી તા: ૨૪/૦૮/૨૦૨૧ સુધી કરેલ કામગીરીના વ.આ.નં.: ૨૭૩૬ થી ૨૭૪૧ કુલ બીલ નંબર: ૦૧ થી ૦૬/ તા: ૨૪/૦૮/૨૦૨૧ થી બીલ વાઇઝ ૧૯૮૦૦/- પ્રમાણે કુલ-૬ બીલના રૂા.૧,૧૮,૮૦૦/-નું બીલ ચુકવણું કરવા અંગે જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવા **જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.-૨૪૦ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..................................................................................................................................**

**<u>વ.કા.નં.-.3</u>**

**<u>વિષય</u> :- આરોગ્ય શાખા મારફત પ્રિ-મોન્સુન કામગીરી કરાવવા માટે કામદારો સપ્લાય કરેલ માર્વેલ એજન્સી , સ્ટેશન રોડ , વલસાડનું બીલ વ.આ નંબર- ૧૨૬૧/ તા: ૧૭/૦૬/૨૦૨૧ થી રકમ રૂપિયા. ૧ ,૫૮,૯૫૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા દ્વારા વર્ષ-૨૦૨૧ માં પ્રિમોંસુન કામગીરી કરાવવા માટે વાપીની એજન્સી પાસે કામદારોની માંગણી કરતાં તેઓએ કામદારો ફાળવવા ના પાડતાં વલસાડના અતુલની એજન્સી શ્રી આર્યાનંદ એન્વરીક પ્રા.લિ. પાસે સદર કામગીરી કરાવવાની ચર્ચા કરતાં તેઓના અંગત કારણોસર કામગીરી નહી કરાતા જાહેર આરોગ્યના હીતમાં કામગીરી કરાવવાની આવશ્યકતા જણાતા વલસાડની માર્વેલ એજન્સી , સ્ટેશન રોડ , વલસાડ પાસે આ કામગીરી કરાવવા માટે તેમની એજન્સીને સે.જા.નં.૨૧૪/તા: ૨૫/૦૩/૨૦૨૧ થી વર્કઓર્ડર આપી સે.ક.ઠ.નં.૫૧/તા: ૧૧/૦૯/૨૦૧૯ થી એક કામદાર દીઠ દૈનિક મજુરી ભાવ રૂ ।.૪૨૫/- ના મંજુર થયેલ ભાવે કુલ-૩૫ સફાઈ કામદારો નગરપાલિકાના આરોગ્ય શાખાને ફાળવેલ અને આરોગ્ય શાખાના વડાના માર્ગદર્શન હેઠળ પ્રમોંસુન કામગીરી ગટર સફાઈ વિગેરે કામગીરી તા: ૦૯/૦૪/૨૦૨૧ થી તા: ૩૦/૦૪ /૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન કરેલ. જેનું ફોટોગ્રાફ્સ સહિતના આવેલ કુલ-૨૨ દિવસનું બીલ વ.આ.નં.૧૨૬૧/તા: ૧૭/૦૬/૨૦૨૧ બીલ નંબર: એમ/ વીએનપી/૦૦૧/૨૧ થી રૂ ।.૧,૫૮,૯૫૦/- પૂરાનું બીલનું ચુકવણું કરવા અંગે જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવા **જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.-૨૪૧ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..........................................................................................................................................**

**<u>વ.કા.નં.-૪.</u>**

**<u>વિષય</u> :- આરોગ્ય શાખા મારફત પ્રિ-મોન્સુન કામગીરી કરાવવા માટે કામદારો સપ્લાય કરેલ માર્વેલ એજન્સી , સ્ટેશન રોડ , વલસાડનું બીલ વ.આ.નંબર-૧૨૬૨/ તા:૧૭/૦૬/૨૦૨૧ થી રકમ રૂપિયા. ૧ ,૦૮,૩૭૫/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા દ્વારા વર્ષ-૨૦૨૧ માં પ્રિમોંસુન કામગીરી કરાવવા માટે વાપીની એજન્સી પાસે કામદારોની માંગણી કરતાં તેઓએ કામદારો ફાળવવા ના પાડતાં વલસાડના અતુલની એજન્સી શ્રી આર્યાનંદ એન્વરીક પ્રા.લિ. પાસે સદર કામગીરી કરાવવાની ચર્ચા કરતાં તેઓના અંગત કારણોસર કામગીરી નહી કરાતા જાહેર આરોગ્યના હીતમાં કામગીરી કરાવવાની આવશ્યકતા જણાતા વલસાડની માર્વેલ એજન્સી, સ્ટેશન રોડ , વલસાડ પાસે આ કામગીરી કરાવવા માટે તેમની એજન્સીને સે.જા.નં.૨૧૪/તા: ૨૫/૦૩/૨૦૨૧ થી વર્કઓર્ડર આપી સે.ક.ઠ.નં.૫૧/તા: ૧૧/૦૯/૨૦૧૯ થી એક કામદાર દીઠ દૈનિક મજુરી ભાવ રૂ ।.૪૨૫/- ના મંજુર થયેલ ભાવે કુલ-૩૫ સફાઈ કામદારો નગરપાલિકાના આરોગ્ય શાખાને ફાળવેલ અને આરોગ્ય શાખાના વડાના માર્ગદર્શન હેઠળ પ્રમોંસુન કામગીરી ગટર સફાઈ વિગેરે કામગીરી તા: ૦૧/૦૫/૨૦૨૧ થી તા: ૧૫/૦૫ /૨૦૨૧ના સમયગાળા દરમ્યાન કરેલ. જેનું ફોટોગ્રાફ્સ સહિતના આવેલ કુલ-૧૫ દિવસનું બીલ વ.આ.નં.૧૨૬૨/તા: ૧૭/૦૬/૨૦૨૧ બીલ નંબર: એમ/ વીએનપી/૦૦૨/૨૧ થી રૂા.૧ ,૦૮,૩૭૫/- પૂરાનું બીલનું ચુકવણું કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા **જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.-૨૪૨/ તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**...............................................................................................................................**

**<u>વ.કા.નં.-૫ .</u>**

**<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા મારફત દિવાળીના તહેવાર નિમિત્તે વલસાડ શહેર વિસ્તારમાં સફાઈ , ઝાડી ઝાંખરાં કટીંગ , બ્રસીંગ સફાઈ અને ગટર સફાઈ જેવી કામગીરી બે માસ માટે એજન્સી મારફતે કામદારો ટ્રેકટર સહિત ભાડેથી મંગાવી કરાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂપિયા-૧૪ ,૨૧,૦૦૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, આરોગ્ય શાખા દ્વારા હાલે દિવાળી જેવા તહેવારો નજીક હોવાથી અને મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વલસાડ સર્કીટ હાઉસ ખાતે રાત્રી રોકાણ કરવામાં આવેલ હોય. જેથી વલસાડ શહેર વિસ્તારમાં સફાઈ , ઝાડી ઝાંખરાં કટીંગ , બ્રસીંગ સફાઈ અને ગટર સફાઈ જેવી કામગીરી સપ્તસુંગી લેબર સપ્લાયર એજન્સી મારફતે તા: ૨૦/૧૦/૨૦૨૨ થી તા: ૧૯/૧૧/૨૦૨૨ સુધી એક માસ માટે કામદારો સપ્લાય બીલ રૂ ।.૪,૯૪,૧૦૦ + રૂા. ૨,૧૬,૦૦૦/- ટ્રેકટર સપ્લાય બીલ મળી કુલ રૂા. ૭ ,૧૦,૧૦૦/- અને બીજા માસ માટે કામદાર સપ્લાય બીલ રૂા.૪ , ૯૫ ,૦૦૦/- અને ટ્રેક્ટર સપ્લાય બીલ રૂા.૨,૧૬,૦૦૦/- મળી કુલ રૂા.૭ ,૧૧,૦૦૦/- મળી કુલ રૂા.૧૪ ,૨૧,૦૦૦/- નો ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૪૩/ તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**……………………………………………………………………………………………………………………**

**<u>વ.કા.નં.-૬.</u>**

**<u>વિષય</u>:-મ્યુનિ.હો.ક.ઠ.નં.૯/તા:૧૧/૦૮/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિ. હોસ્પિટલ બિલ્ડીંગમાં ફાયર હાઇડન્ટ સિસ્ટમ લગાવેલ. જે અંગેનું નેશનલ ફાયર સર્વિસ, વાપીનું આવેલ બીલ રૂપિયા-૭ ,૯૮,૦૬૬/- પૂરા મંજુર કરવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં  ઠરાવ્યું કે,  વલસાડ નગરપાલિકા મ્યુનિસિપલ હોસ્પિટલને સરકારશ્રી દ્વારા ડી.સી.એચ.સી. જાહેર કરવામાં આવેલ છે. સદરહુ ડી.સી.એચ.સી.માં કોવિડ-૧૯ ને લગતા દર્દીઓની સારવાર કરવામાં આવે છે. કોવિડ-૧૯ ની મહામારીને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા સમયાંતરે વિવિધ એસ.ઓ.પી.(ગાઈડ લાઇન) બહાર પાડવામાં આવે છે. તેને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા ફાયર સેફ્ટી અન્વયેની ગાઈડ લાઇન બહાર પાડવામાં આવેલ છે. કે દરેક હોસ્પિટલમાં ફાયર સેફ્ટી હોવી અનિવાર્ય છે. જે અન્વયે વલસાડ નગરપાલિકા હોસ્પિટલ કમીટી ઠરાવ નંબર: ૩૦/ તા: ૨૬/૦૨/૨૦૨૧ થી સદરહુ કામ કરવા સબંધે ઠરાવ કરવામાં આવેલ છે. તેમજ સદરહુ કામની અગત્યતાને ધ્યાને લઈ કામ સત્વરે કરવું અતિજરૂરી હતું. જેને ધ્યાને લઈ સ્થાનિક બજારમાંથી કોટેશન મંગાવી કામ કરવાનું નક્કી કરવામાં આવતા નેશનલ ફાયર સર્વિસ વાપી પાસે ભાવો મંગાવી કામગીરી કરાવવામાં આવેલ છે. જે અંગે નેશનલ ફાયર સર્વિસનું વલસાડ નગરપાલિકા આવક નંબર-૨૦૪૧/તા: ૨૮/૦૭/૨૦૨૧ થી રૂ।.૭,૯૮,૦૬૬/- પુરાનું આવેલ બીલ મંજુર કરવા અંગે  જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.-૨૪૪ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..................................................................................................................................**

**વ.કા.નં.-૭ .**

**વિષય:- ક્રિશ્ના એપાર્ટમેન્ટથી મદનવાડ થઈ રાકેશ મેડિકલ સુધી ડામર રસ્તો તેમજ દીક્ષિત મહોલ્લો – ભાવનો ટેકરો- માજી સભ્યશ્રી રાજુભાઇ વકીલના ઘરથી સોમભાઈ મહારાજના ઘર સુધી પેવર બ્લોકનો રસ્તો બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા હદમાં વોર્ડ નં.-પમાં નીચે જણાવેલ જુદા જુદા વિસ્તારમાં આવેલ કામો કરાવવાની જરૂરિયાત હોય, **સદરહું નીચે મુજબના કામો કરવા અંગેની જરૂરી** આગળની કાર્યવાહી કરી, સદરહુ કામો ગ્રાન્ટ / બચત રકમમાંથી કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત. |
|---|---|
| ૧. | **વોર્ડ નં.-પમાં ક્રિશ્ના એપાર્ટમેન્ટથી મદનવાડ થઈ રાકેશ મેડિકલ સુધી ડામર રસ્તો બનાવવાનું કામ.** |
| ૨ . | **વોર્ડ નં.-પમાં દીક્ષિત મહોલ્લો – ભાવનો ટેકરો- માજી સભ્યશ્રી રાજુભાઇ વકીલના ઘરથી સોમભાઈ મહારાજના ઘર સુધી પેવર બ્લોકનું કામ.** |

**સ.મ.મંજુર..**

કા. સ. ઠ. નં.-૨૪૫ / તા.:૧૧-૦૧- ૨૦૨૩.

..........................................................................................................................

<u>વ.કા.નં.- ૮ .</u>

<u>વિષય</u>:- ગુ. મ્યુ. ફાય. બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક: મફબ / વ્ય. વેરા (૫૦%) ન.પા. / ૨૦૨૨-૨૩/૨૦૨૨ /૨૦૩૭૨ તા.:૨૮-૧૨-૨૦૨૨ થી વ્યવસાયવેરા ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા-વલસાડને વ્યવસાય વેરાની પ્રોરેટા ધોરણે મળવાપાત્ર ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે વ્યવસાય વેરા ગ્રાન્ટની રકમ નિયત થયેલ કામો માટે, તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક નં.-મફબ / ૧૧૨૦૦૯/૩૧૨૭ /ધ તા.:૧૧-૧૨-૨૦૦૯ ના પત્રની જોગવાઈઓ મુજબ મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, સુરત પાસેથી વહીવટી મંજુરી મેળવી શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે કામો નક્કી કરવાની જરૂરી સત્તા ચીફઓફિસરશ્રી, ચેરમેનશ્રી, કારોબારી કમિટી, પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સંદર્ભ મુજબ ( ૫૦%)ફાળવેલ ગ્રાન્ટ રૂ.૫૦,૬૧,૧૪૬/-

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૪૬ / તા.:૧૧-૦૧- ૨૦૨૩.

.............................................................................................................................

વ.કા. નં.- ૯ .

વિષય:- ગુ.મ્યુ.ફાય.બોર્ડ,ગાંધીનગરના હુકમ ક્રમાંક:મફબ/ યુ.પ/જ.મ.બી.ખે./લો.ફંડ. સેસ / આખરી / હપ્તો /૨૦૨૨-૨૩/૧૬૧તા.:૦૭-૦૧-૨૦૨૩ જમીન મહેસુલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા-વલસાડને સરકારશ્રીની જમીન મહેસુલ બીન ખેતી આકાર ગ્રાન્ટ (૨૦૨૨-૨૩)અન્વયે (૧) ગુ.મ્યુ.ફાય.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મફબ/ યુ.પ/જ.મ.બી.ખે./લો.ફંડ.સેસ/ આખરી / હપ્તો /૨૦૨૨-૨૩/૧૬૧તા.:૦૭-૦૧-૨૦૨૩ થી રૂ.૧,૪૪,૮૧૩/-પુરા તેમજ (૨) ગુ.મ્યુ.ફાય.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મફબ/ યુ.પ/જ.મ.બી.ખે./લો.ફંડ.સેસ/ બીજો હપ્તો /૨૦૨૨-૨૩/૧૫૮૫૭/તા.:૦૧-૦૯-૨૦૨૨ થી રૂ.૭૨,૪૦૮/-પુરા એમ મળી કુલ રૂ. ૨,૧૭,૨૨૧/- પુરાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ. સદરહું ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ નિયત થયેલ કામો માટે, જનરલ બોર્ડની મંજુરી મેળવી તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક નં.-મફબ / ૧૧૨૦૦૯/૩૧૨૭ /ધ તા.:૧૧-૧૨-૨૦૦૯ના પત્રની જોગવાઈઓ મુજબ, મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, સુરત પાસેથી વહીવટી મંજુરી મેળવી શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે નીચે જણાવેલ કામ કરવા અંગેની જરૂરી સત્તા, ચીફઓફિસરશ્રી, ચેરમેનશ્રી-કારોબારી કમિટી, પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સંદર્ભ મુજબ ફાળવેલ ગ્રાન્ટ રૂ.૧,૪૪,૮૧૩/-+૭૨૪૦૮/-મળી કુલ રૂ. ૨,૧૭,૨૨૧/- ની ગ્રાન્ટમાંથી લાઈટ શાખા માટે “ એલઈડી સ્ટ્રીટ લાઈટ “ લેવા અંગેનું કામ..

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૪૭ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

...........................................................................................................................

<u>વ.કા.નં.- ૧૦.</u>

<u>વિષય</u>:- સ્ટેડીયમ રોડ ઉપર ડો.મોંઘાભાઈ દેસાઈ હોલની બાજુમાં મુખ્ય રસ્તા ઉપર ૮૦ mm ડાયા જાડાઈનાં પેવર બ્લોક નાખવાનું એસ્ટીમેઈટ રૂ.૧૨૯૩૮૬/-મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં   ઠરાવ્યું કે, સ્ટેડીયમ રોડ ઉપર ડો.મોંઘાભાઈ દેસાઈ હોલની બાજુમાં મુખ્ય રસ્તા ઉપર ખુબજ કચરો જમા થાય છે. સદરહું જગ્યા ઉપર 80 mm ડાયાનાં જાડાઈનાં પેવર બ્લોક નાખવામાં આવે તો કાયમી ધોરણે ગંદકી દુર થાય એમ છે. શહેરની મધ્યમાં કચરા પેટી દુર કરવામાં આવે તો સદરહું સરદાર પટેલ ચોકની બ્યુટીમાં વધારો થાય એમ છે. જે અંગેનું ફેન્સીંગ સાથેનું એસ્ટીમેઈટની રકમ રૂ.૧,૨૯,૩૮૬/- અંકે રૂપિયા એક લાખ, ઓગણત્રીસ હજાર,ત્રણસો છ્યાસી મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.- ૨૪૮ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**.................................................................................................................................**

**<u>વ.કા. નં.- ૧૧ .</u>**

**<u>વિષય</u>:- તીથલ રોડ ઉપર જજ સાહેબનાં બંગલા પાસે ૮૦ mm જાડાઈનાં પેવર બ્લોક નાખવાનું એસ્ટીમેઈટ રૂ.૬૨૫૯૮/-મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તિથલ રોડ ઉપર જજ સાહેબના બંગલા પાસે ખૂબ જ ગંદકી થાય છે. સદરહુ જગ્યા ઉપર ૮૦ mm જાડાઈના પેવર બ્લોક નાંખવામાં આવે તો સદરહુ જગ્યાએ ફૂટપાથ ઉપર શહેરીજનોને વોકીંગ માટે સરળતા રહે એમ છે. તથા વરસાદી સીઝનમાં વધુ વરસાદ પડે ત્યારે રાહદારી માટે અવરજવર માટે રાહત થઈ શકે એમ છે. તો આ અંગેનું આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૬૨,૫૯૮/-બાસઠ હજાર, પાંચસો અઠ્ઠાણું પુરા મંજુર કરવા **જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.- ૨૪૯ / તા.:૧૧-૦૧-૨૦૨૩ .**

**...................................................................................................................**

**<u>વ.કા. નં.- ૧૨ .</u>**

**<u>વિષય</u>:- પ્રમુખશ્રી રોટરી ક્લબ ઓફ વલસાડની તા.:૧૧/૦૧/૨૦૨૩ ની અરજીમાં જણાવ્યા મુજબ સ્ટેડીયમ રોડ ઉપર " લેબર ઉભા " રહે છે. તે વિસ્તારમાં " ડીઝીટલ-કલોક"મુકવા અંગેના કામે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

અરજદાર પ્રમુખશ્રી રોટરી ક્લબ ઓફ વલસાડની તા: ૧૧/૦૧/૨૦૨૩ ની અરજી અત્રેની કચેરીએ મળેલ છે. અરજીમાં જણાવ્યા મુજબ સ્ટેડિયમ રોડ ઉપર આવેલ દબાણ દૂર કરી ખુલ્લો કરવામાં આવેલ પ્લોટને બ્યુટીફિકેશન કરવાની જરૂર છે. તે અંગે નગરપાલિકાના રજીસ્ટર્ડ આર્કિટેક્ટ તરફથી ડિઝાઇન નક્કી કરે તે મુજબની કામગીરી કરવા માટે સંમતિ આપેલ છે.

વધુમાં સદરહુ જગ્યા પાસે " લેબર " ઊભા રહે છે. તે વિસ્તારમાં "ડિઝીટલ-ક્લોક" ટ્રાફિકને અડચણરૂપ નહીં થાય તે રીતે મૂકવા સંમતિ આપેલ છે. જે હકીકતોથી વિદિત થતાં સદરહું ઉપરોક્ત કામ કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.- ૨૫૦ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..........................................................................................................................**

**<u>વ.કા. નં.- ૧૩ .</u>**

**<u>વિષય</u>:- વલસાડ નગરપાલિકા હાલર વિસ્તારમાં ચીફઓફીસર તથા એન્જીનીયરનો બંગલા ( રહેણાંક ) માટે રિઝર્વ પ્લોટ રાખવામાં આવેલ છે.સદરહું પ્લોટ ઉપર થનાર બાંધકામનો ખર્ચ રૂ.૧૨૯00000/-મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

વલસાડ નગરપાલિકા હાલર વિસ્તારમાં T.P.1 વાળી F.P. No.113 વાળી જગ્યામાં ચીફ ઓફિસર તથા એંજીનિયરનો બંગલા (રહેણાંક) માટે રિઝવ પ્લોટ રાખવામાં આવેલ છે. સદરહુ પ્લોટ ઉપર આ સાથે સામેલ નકશામાં જણાવ્યા મુજબના બાંધકામનો ખર્ચ રૂ ા.૧,૨૯,00,000/-એક કરોડ, ઓગણત્રીસ લાખ પુરા જેટલો અંદાજીત થવા જાય છે. સદરહું ઉપરોક્ત જણાવેલ ખર્ચ મંજુર કરી, **ચીફઓફીસરશ્રી તથા એન્જીનીયરનો બંગલો(રહેણાંક) માટે** બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.- ૨૫૧ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**........................................................................................................................................**

**<u>વ.કા. નં.- ૧૪ .</u>**

**<u>વિષય</u>:- તીથલ રોડ પર પીવાના પાણીની પાઈપ લાઈન લીકેજ થયેલ છે. જેને રીપેરીંગ કરવા ખોદકામ કરવા માટે જે.સી.બી.ભાડેથી મંગાવેલ. જેનો અંદાજીત ખર્ચ રૂ.૧૫,૩૦૦/- મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર તિથલ રોડ પર (૧) હેપ્પી નેશની સામે અને (૨) શેઠ આર. જે.જે. સ્કુલ , ઝાલાણી સ્ટોર્સ પાસે રોડની વચ્ચે નગરપાલિકાની પીવાના પાણીની પાઇપ લાઇન લીકેજ થયેલ છે. જેને રીપેરીંગ કરવા ખોદકામ કરવા તેમજ ધ.રોડ પર હિતેન્દ્ર ઇલેક્ટ્રીકલ્સ પાસેથી સબ મર્સીબલ મોટર ચઢાવવાના કામ માટે આમ બે દિવસ માટે જે.સી.બી.ની જરૂર હોય. સદર કામગીરી માટે વલસાડ નગરપાલિકા બાંધકામ શાખા દ્વારા કારોબારી સમિતી ઠરાવ નંબર-૪૦/તા: ૦૧/૦૭/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ સાંઈ કૃપા , ભદેલી દેસાઇ પાર્ટી ,વલસાડ. જે.સી.બી. ભાડે આપવા સંદર્ભે ૧-કલાકનો ભાવ (ડિઝલ તેમજ ડ્રાઈવર સહિત) રૂ ।.૮૫૦/-પુરા મંજુર કરવામાં આવેલ છે. સદર કામગીરી અંગેનો ખર્ચ રૂ।.૧૫,૩૦૦/-અંકે રૂ. પંદર હજાર, ત્રણસો પુરા થયેલ છે. જે ખર્ચ મંજુર કરી, જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.- ૨૫૨ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

---

**<u>વ.કા. નં.- ૧૫.</u>**

**<u>વિષય</u>:- અબ્રામા હેડ વર્કસ, ખાતેથી મેઈન રાઈઝીંગ લાઈન પર લીકેજને રીપેરીંગ કરવા ખોદકામ કરવા માટે જે.સી.બી.ભાડાથી મંગાવેલ જેનો અંદાજીત ખર્ચ રૂ.૧૩,૬૦૦/- મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

અબ્રામા હેડ વર્કસ ખાતેથી આવતી મેઇન રાઈઝીંગ લાઇન પર લીકેજ હોય , સદર લીકેજ રીપેરીંગ કરવાની જરૂર હોય , સદર પાઇપ લાઇનની ઉંડાઇ વધારે હોવાથી ખોદકામ કરવા માટે જે.સી.બી.નો ઉપયોગ કરવામાં આવે તો લીકેજ રીપેરીંગની કામગીરી ઝડપથી થઈ શકે તેમ છે. સદર કામગીરી માટે વલસાડ નગરપાલિકા બાંધકામ શાખા દ્વારા કારોબારી સમિતી ઠરાવ નંબર-૪૦/તા:૦૧/૦૭/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ સાંઈ કૃપા , ભદેલી દેસાઇ પાર્ટી , વલસાડના જે.સી.બી. ભાડે આપવા સંદર્ભે ૧- કલાકનો ભાવ ( ડિઝલ તેમજ ડ્રાઈવર સહિત ) રૂ ા.૮૫૦/- પુરા મંજુર કરવામાં આવેલ છે. ઉપરોક્ત જણાવેલ કામગીરી માટે અંદાજીત બે દિવસ માટે જરૂર હોય , સાંઈ કૃપા, ભદેલી દેસાઇ પાર્ટી , વલસાડ પાસેથી કામગીરી કરાવવામાં આવેલ. સદર કામગીરી અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧૩,૬૦૦/- અંકે રૂ. તેર હજાર, છસો જેટલો થવા જાય છે. જે ખર્ચ મંજુર કરી જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

કા. સ. ઠ. નં.-૨૫૩/ તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.....................................................................................................................................

<u>વ.કા. નં.- ૧૬ .</u>

<u>વિષય</u>:- વર્ષ ૨૦૨૦-૨૧ તથા વર્ષ : ૨૦૨૧-૨૨ ની એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા-વલસાડના હિસાબો એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમથી તૈયાર કરવા અંગે સંદર્ભ-૧ હેઠળના પત્રમાં જણાવ્યા મુજબ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર દવારા એમપેનલ થયેલ સી.એ.ફર્મ અથવા નગરપાલિકા કક્ષાએથી સી.એ.ફર્મ પસંદગી કરી કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે.વધુમાં અગાઉના વર્ષ ૨૦૧૮-૧૯માં નગરપાલિકાની કામગીરી શાહ કૈલાસ શાહ એન્ડ એસોસિએટ –સુરત પાસેથી કરાવવામાં આવેલ હતી અને વર્ષ ૨૦૧૯-૨૦ની કામગીરી પ્રગતિ હેઠળ છે. સને ૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૨ એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગની કામગીરી શાહ કૈલાસ શાહ એન્ડ એસોસિએટ પાસેથી કરાવવા કે અન્ય કોઈ સી.એ.ફર્મ પાસેથી કરાવવા માટે, એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ કામગીરી કરવા માટે આવેલ અન્ય સી.એ.ફર્મસની અરજીઓ આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) એ.બી.કોઠીયા એન્ડ કંપની, લાલ દરવાજા, સુરત.

(૨) અર્થવ  પ્લાનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર પ્રા.લિ.,

(3) ટી.એસ.પટેલ એન્ડ એસોસિએટસ, નવસારી.

ઉપરોક્ત  હકીકત ધ્યાને લઇ, એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા બાબતે સી.એ.ફર્મ નક્કી કરવાની કામગીરી કરવા અંગેની ઉપરોક્ત આવેલ અરજીઓ પૈકી, અ.નં.-(૩) ટી.એસ.પટેલ એન્ડ એસોસિએટસ, નવસારી. પાસે કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું  ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા. સ. ઠ. નં.- ૨૫૪ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .**

**..................................................................................................................................**

**<u>વ.કા. નં.- ૧૭.</u>**

**<u>વિષય</u>:- આર.પી.એફ. મેદાનથી બુધ્ધ ભગવાનના મંદિર સુધીના વિસ્તારમાં ઇન્ચાર્જ લાઈટ શાખાના રીપોર્ટમાં જણાવ્યા લાઈટના પોલ, ફોર કોર આર્મર કેબલ, પી.વી.સી.જંકશન બોક્ષ, વિગેરેની કામગીરી કરાવવા અંગેના કામે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

ઇન્ચાર્જ લાઇટશાખા તથા વાયરમેન દ્વારા આર.પી.એફ મેદાનથી બુધ્ધ ભગવાનના મંદિર સુધીની સર્વે કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જે અનુસાર નીચે મુજબની સામગ્રીની જરૂરિયાત હોય, જે કૌષ્ટક સ્વરૂપે સામેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ધ. રોડ જકાતનાકાથી ટેલિફોન ગોડાઉન સુધી ડિવાઈડરમાં | ૧૦ પોલ (૨ લાઇટ) + ૨ પોલ ( ૪ લાઇટ) = ૧૨ પોલ |
| ૨ | પેવર બ્લોક ડિવાઈડરમાં , જય વિજય એપાર્ટ જતાં | ૪ પોલ (૨ લાઇટ) _ ૧ પોલ (૪ લાઇટ) = ૫ પોલ |
| 3 | મહાદેવ મંદિર પાછળ બુધ્ધ ભગવાનના મંદિર સુધી | ૧૦ પોલ (સિંગલ લાઇટ) |
| ૪ | ટેલિફોન ગોડાઉન થી નવજીવન સોસાયટી આગળ ટર્નિંગ સુધી | ૪ પોલ (સિંગલ લાઇટ) |
| ૫ | ફોર કોર આર્મર કેબલ | ૮૦૦ મીટર |

| | | |
|---|---|---|
| ૬ | પી.વી.સી. જંકશન બોક્ષ | ૩૧ નંગ |
| ૭ | કેબલ ગ્લાન્ટ | ૬૨ નંગ |
| ૮ | ૭૦ વોટ્ટ લાઇટ | ૫૪ નંગ |

ઉપરોક્ત જણાવેલ કામો મંજુર કરવા અંગે જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

**કા. સ. ઠ. નં.- ૨૫૫ / તા.:૧૧-૦૧- ૨૦૨૩**

**..........................................................................................................................................**

**<u>વ.કા. નં.-૧૮.</u>**

**<u>વિષય</u>:- વલસાડ નગરપાલિકા-વલસાડના જુદા જુદા વિસ્તારોમાં પેવરબ્લોક વિગેરે વિકાસલક્ષી કામો કરવા અંગે નગરપાલિકા સભ્યશ્રીની આવેલ રજૂઆત મુજબના કામો કરવા બાબત..**

**<u>ઠરાવ.</u>:**

**વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા વિસ્તારોમાં પેવરબ્લોક વિગેરેના વિકાસલક્ષી જુદા જુદા કામો કરવા અંગે નગરપાલિકા સભ્યશ્રીની આવેલ રજૂઆત મુજબના નીચે જણાવેલ કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

| **અ.નં** | **કામનું નામ.** |
|---|---|
| ૧ | વોર્ડ નંબર-૧૧માં આવેલ અબ્રામા ઝોન વિસ્તારમાં વાળંદવાસ મુખ્ય રસ્તાથી સાહિલભાઈ મૈસુરીયાના ઘર સુધી ડ્રેનેજ લાઇન તેમજ પેવર બ્લોક નાંખવાનું કામ |
| ૨ | વોર્ડ નંબર-૧૧માં લુહાર ફળિયા દેવેન્દ્રભાઈ પરમાર (નાનકા)ના ઘરવાળો વિસ્તારમાં સિમેન્ટ કોંક્રીંટવાળો રસ્તાનું કામ |
| ૩ | વોર્ડ નંબર-૧૧માં લુહાર ફળિયા કમલેશભાઈ બી. રાઠોડના(વાયરમેન)ના ઘર પાસેની ગલીમાં સિમેન્ટ કોંક્રીંટવાળો રસ્તાનું કામ |
| ૪ | વોર્ડ નંબર-૧૧માં લુહાર ફળિયા દેવુભાઈ રાઠોડ અબ્રામા ઝોન કચેરીની બાજુનો રસ્તો પેવર બ્લોક નાંખવાનું કામ |
| ૫ | વોર્ડ નંબર-૧૧માં ભંડારી ફળિયામાં બનેલ નવા રસ્તા કીરીટભાઈ દેસાઇના ઘરથી લઈ કોકિલાબેન રાઠોડના ઘર સુધી જ્યાં રસ્તાની હાઇટ ઉંચી છે. ત્યાં વરસાદી પાણીના કારણે રોડની બંને સાઈટે ધોવાણ થતું અટકાવવાના કામે સિમેન્ટ કોંક્રીંટ કરાવવાનું કામ |

| | |
|---|---|
| ૬ | વોર્ડ નં.-૨માં બંદર રોડ,મોચીવાડ, લીબર્ટી ચાલની પાસેનો વિસ્તાર,બેજન બાગની આજુબાજુનો વિસ્તારમાં પેવર બ્લોકનું કામ. |
| ૭ | વોર્ડ નં.-૨માં સિપાઈવાડમાં આવેલ સુરેશભાઈ રાણાની ઘર પાસે વરસાદી ગટર બનાવવાનું કામ. |

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૫૬ / તા.:૧૧-૦૧- ૨૦૨૩ .

.................................................................................................................................

<u>વ.કા. નં.- ૧૯ .</u>

<u>વિષય</u>:- નગરપાલિકા હદમાં નવયુગ સ્ટોર પાસેથી પસાર થતી ગંગલી ખાડી નામે ઓળખાતી ખુલ્લી ગટર ઉપર સ્લેબ બાંધકામની પરવાનગી આપવા બાબતની મેસર્સ એ.એસ.એન્ટરપ્રાઈઝ, વાપીની તા.:૦૮/૦૪/૨૧ની આવેલ અરજી અંગે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકા હદમાં નવયુગ સ્ટોર પાસેથી પસાર થતી ગંગલી ખાડી નામે ઓળખાતી ખુલ્લી ગટર આવેલ છે. સદરહું ગટરની આસપાસ રહેણાંક તેમજ વાણિજ્ય બાંધકામો આવેલ છે. સદરહું વિસ્તારમાંથી ગંગલી ખાડી કે જે હાલે ખુલ્લી છે. જેથી સદરહું વિસ્તારના રહીશોને દુર્ગંધ આવતી હોવાથી અને મચ્છરના ઉપદ્રવ થી આરોગ્યને હાનિકારક સાબિત થવાની સંભાવના હોય તેને નિવારવા માટે સદરહું વિસ્તારના રહેણાંક તેમજ વાણીજ્ય હેતુસરના વ્યક્તિઓ દ્વારા પોતાના સ્વખર્ચે નગરપાલિકા જે પ્રમાણે સૂચવે તે મુજબ ગંગલી ખાડી ઉપર સ્લેબ ભરવા તેઓ સંમત છે. જે હકીકતો ધ્યાને લઇ નગરપાલિકા દવારા ગંગલી ખાડી ઉપર સ્લેબ ભરવા અંગેની જરૂરી પરવાનગી આપવા બાબતની મેસર્સ એ.એસ.એન્ટરપ્રાઈઝ, વાપીની તા.:૦૮/૦૪/૨૧ની આવેલ અરજી અંગે, નિયમોનુસાર કાર્યવાહી કરી, જરૂરી નિર્ણય કરવા જનરલ બોર્ડને  ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી/-અવાચ્ય

( છાયાબેન યુ.પટેલ )

ચેરમેન

કારોબારી સમિતિ,

વલસાડ નગરપાલિકા.